

કુમાર
અંક ૧૦
ઉગતી પ્રજાનું માસિક
આસો
વર્ષ ૧
અંક ૧૦
૧૯૮૦
તંત્રી
રવિશંકર રાવળ

પુસ્તક પહેલું — કુમાર — સંવત ૧૯૮૦
અંક : ૧૦ — આસો
વરસના રૂ. ૬ — છ માસના રૂ. ૩

ઉગતી પ્રજાનું માસિક


તંત્રી : રવિશંકર રાવળ

કુમાર કાર્યાલય : ૪૪૮૦, રાયપુર : અમદાવાદ

આ અંકની છુટક નકલના બાર આના

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ–૨,
વર્ધમાન ઍન્ડ સન્સ, ૧, [illegible], મુંબાઇ–૩,
કરાંચી બુકસ્ટૉલ, [illegible] રોડ, કરાંચી,
યુગાન્તર કાર્યાલય, [illegible] સામે, સુરત.



આસો
૧૯૮૨

આચાર્ય દેવો ભવ
(એકલવ્ય)

[ચિત્રકારઃ રવિશંકર રાવળ]



आचार्य देवो भव

મનુ ભગવાને કહ્યું છે, અને અમે માનીએ છીએ કે સાવિત્રી એટલે વિદ્યા એ અમારી માતા છે, અને આપ—આચાર્ય અમારા પિતા છો. અજ્ઞાન દશામાં જન્મેલા અમને જ્ઞાનના સંસ્કાર આપી આપ જ નવો જન્મ આપો છો.

આપની આંખમાં પ્રેમનું જાદુ છે; આપના ચિત્તમાં જ્ઞાનનું કલ્યાણ છે; પ્રભુનું મંગળ હૃદય આપને મળ્યું છે;—તેથી જ તો આપ આવી નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છો.

મૂર્તિકાર જેમ મૂર્તિને પથ્થરમાં પ્રથમ નીહાળે છે અને પછી તેમાંથી તેને કોરીને પ્રકટ કરે છે તેમ, ગુરુદેવ ! શિષ્યના પ્રાણની સંપૂર્ણતા આપ જુઓ છો, અને આપની અદ્‌ભુત શક્તિ વડે તેને ખીલવો છો. જીંદગીની સફળતા અમને આપની કનેથી જ લાધે છે.

પંડે નિષ્કામ છતાં આપે માગ્યું છે કે 'મારૂં જ્ઞાન સમૃદ્ધ હો; હું મોક્ષવિદ્યાનો ધારણકર્તા થાઉં; મારૂં શરીર નીરોગી ને સ્થિર રહો; મારી જીભ અમૃતસ્રોતી બનો; મારૂં અધ્યયન/બહોળું વધો; મારૂં જ્ઞાન કદાંઈ ન જાઓ.'

વળી આપની પ્રાર્થના છે કે 'પાણી જેમ તળાવ તરફ વહે, મહીના જેમ વર્ષ તરફ વળે, તેમ બહુ બ્રહ્મચારીઓ મારી પાસે આવો. તેમની શંકાઓ દૂર થાઓ, તેમનું જ્ઞાન વધો; તેમની વૃત્તિ સંયમશીલ બનો; અને આવા વિદ્યાર્થીઓ દ્વારા મારી કીર્તિ પ્રસરો કે અહીં જ્ઞાનામૃતની પરબ છે.'

આટલી વત્સલતા અમને બીજે ક્યાં મળવાની ?

અમે એક આપને જ ઓળખીએ છીએ; આપને જ શરણે છીએ; આપની આજ્ઞા જ અમને પ્રમાણ છે. त्वं हि नः पिता यः अस्माकं अविद्यायाः परं पारं तारयसि । नमः परमऋषिभ्यः नमः परमऋषिभ्यः ।

[illegible]



દીવાળી

દીવાળી એ વર્ષનો છેવટનો દિવસ છે; એટલે આખા વર્ષની સમાપ્તિ અર્થે લોકોને આનંદ કરી લેવાની ઇચ્છા થાય છે. વીતેલા વર્ષનાં વેરઝેર ને દુઃખ-દિલગીરી ભૂલી જઇ તે વર્ષનો હીસાબ બંધ કરી નવું વર્ષ નવે કોરે પાને અને શુદ્ધ ઉજ્જવળ અંતરથી શરૂ કરવાનો સુંદર સંકલ્પ માણસ દીવાળીના ઉત્સવ દ્વારા પ્રકટ કરે છે.

ઉત્સવ એ તો કલાનું એક સ્વરૂપ છે. આપણી જીંદગીમાં જો ઉત્સવ ન હોય તો એ સાવ સુની બની જાય, અને જીવન કંટાળાભરેલું, લાંબું અને ભારરૂપ લાગે. મુસાફરીના લાંબા રસ્તા પર જેમ વીસામાના ચોતરા, પાણીની પરબો અને આરામ માટે ધર્મશાળાઓ હોય છે, તેમ ઉત્સવો એ આપણી જીંદગીના લાંબા માર્ગમાં આપણને આરામ, રાહત ને વીસામો આપનાર સુંદર ગાળાઓ છે.

જંગલમાં રહીને જીવન ગાળનારા કે નગરમાં વસનારા નાગરિકો, બધાને ઉત્સવ ઉજવવા ગમે છે. સમજ્યે વગર-સમજ્યે સૌ ઉત્સવને આવકાર આપે છે. દુનીઆની કોઇ પણ પ્રજા ઉત્સવો કર્યાં વીના રહેતી નથી. પ્રજાના ઉત્સવો એ તેની ચડતી પડતી માપવાનું સાધન પણ છે. કોઈ પણ પ્રજાના ઉત્સવો ઉપરથી કહી શકાય કે એ પ્રજામાં કેટલો પ્રાણ ભર્યો છે.

ઉત્સવ એટલે તપ નહિ, ઉપવાસ નહિ; ઉત્સવ એટલે ખુણે ભરાઇ બેસવાનું નહિ; પણ ઉત્સવ એટલે આપણા ઉલ્લાસનો ઉભરો; ઉત્સવ એટલે આપણા અંતરના કલ્લોલનું પ્રકટીકરણ; ઉત્સવ એટલે જગતમાં આપણું અસ્તિત્વ પ્રગટાવી

નન્નો

મુળાક્ષરનો એ વીસમો અક્ષર તમે ઘુંટતા શીખ્યા ત્યારે,—અત્યાર સુધી અનેક વાર તમે એનો ઉપયોગ કર્યો ત્યારે, તમને શું ખબર હતી કે એમાં એક ઉંડો મર્મ ભર્યો છે ?

એ સાદો દેખાતો અક્ષર તો અદ્ભુત છે; એમાં અતુલ શક્તિ ભરી છે; એનો યોગ્ય ઉપયોગ કરતાં તમને આવડે તો જીંદગીનું એ અમોલું જવાહીર થઇ પડે તેમ છે.

એના ઉપયોગની ચાવી તમારે હાથ લાગી જાય, એને વાપરી શકવા જેટલી દૃઢતા તમારામાં હોય, એ ક્યાં અજમાવવો તે પારખવાની વિવેકબુદ્ધિ તમારામાં હોય, તો એ તો એક એવું ભારે હથીઆર છે કે જે અનેક પ્રસંગે તમને પડતા બચાવી લે; તમારા ચારિત્ર્યનું રક્ષણ કરે; અને તમારો જીવનનો માર્ગ મોકળો કરી દે.

એનો એવો ઉપયોગ કયો ?

તમે નન્નો ભણતાં શીખો;—'ના' કહેતાં શીખો.

સત્યને ખાતર, નીતિને ખાતર, ચારિત્ર્યને ખાતર, ગમે તેટલા કપરા સંજોગોમાં નીડરપણે 'ના' કહેતા શીખો.

કોઇ તમને અસત્ય બોલવાનું કહે, અસત્ય આચરવાનું કહે, તો તેની ઘસીને 'ના' કહો; પછી સામે ભલે મોટો ચમરબંધી હોય.

લાલચોનો ગંજ તમારી સામે ઉભો કરવામાં આવે, સામે ધનના ઢગલા કરવામાં આવે, એશઆરામ ને સુખચેનની લાંચ આપવામાં આવે;—પણ દૃઢતાથી એ સૌને ઠોકરે મારી, અસત્ય ને અન્યાય આચરવાની સાફ સાફ 'ના' પાડી દો.

એક કામ ખરાબ હોય, અનીતિમય હોય, ને તમારી પાસે કોઇ તે જોરજુલમથી કરાવવા માગે, તો ચાહે તેટલી ધમકીની સામે, જુલમના અંગારની સામે, દુઃખના ડુંગરની સામે છાતી ઠોકીને ચોકખી 'ના' કહો.

કોઈ કામ કરવાનો તમારો અધિકાર હોય, કોઇ જગ્યા પર તમારી માલીકી હોય, તમારા 'હક'ની વાત હોય, ને તમારો એ અધિકાર જતો કરવા, તમારો એ હક છોડી દેવા તમારા પર દબાણ લાવવામાં આવે ત્યારે બેધડક ને હિંમતપૂર્વક 'ના' કહો. પછી તમે ભલે એકલા હો, ને સામે હજારો માણસો હોય; તમે ભલે નાચીજ મામુલી આદમી હો, ને સામે પ્રતિષ્ઠિત, સત્તાવાન ને દુનીઆનાં ' ચતુર સુજાણ ' માણસો હોય, છતાં પણ કોઇની શેહમાં તણાયા વિના દૃઢતાથી 'ના' કહો.

નમ્રતાથી ને દૃઢતાથી 'નન્નો' ભણવા વિષે એક બહુ સરસ વાત આપણામાં છે. ' માજન તો માબાપ છે, પણ મારી ખીતી નહિ ખસે' એ વાત ન જાણતા હો તો કોઇની પાસેથી જરૂર જાણી લેજો.

જગત સાથેનો સંબંધ થોડો કરવો, જરા આનંદમાં ભાગ લેવો અને સ્નેહનાં લ્હાણાં લેવાં દેવાં.

*

પણ આપણા ઉત્સવોમાં આવો પ્રાણ નથી જણાતો; આપણી પ્રજા જાણે ઉત્સવો ઉજવતાં થાકી ગઇ લાગે છે; આપણી દીવાળી એ ખાવાપીવામાં ને ખર્ચોમાં વીતાવાતા ખાલી ખોખા જેવા દિવસ જેવી માત્ર રહી છે. કારણ કે દુકાળ, મોંઘવારી ને પરતંત્રતાના ત્રાસે પ્રજા પીડાઇ રહી છે; અંદરઅંદરનાં ઝેરવેર ને કજીઆકંકાસથી ત્રાસી રહી છે. નિસ્તેજ પ્રજાના ઉત્સવમાં પ્રાણ ક્યાંથી હોય ?

*

આપણે ભાઇચારામાં ન સમજીએ, સલાહસંપમાં ન સમજીએ, આપણા દેશનાં માનવીઓનાં દુઃખનો ખ્યાલ સરખો યે ન કરીએ, તેમનો તિરસ્કાર કરતા હોઇએ, ભુખે પીડાતાં અનેક બાઇ બહેનોનાં દુઃખથી આપણું અંતર ન દાઝે, આપણા દેશની સ્ત્રીઓને અજ્ઞાનમાં ડુબતી ને જીંદગીભર કુટુંબના ત્રાસ ખમતી જ જોયા કરીએ, આપણાં નાનાં નાનાં ભાંડુઓ, કુમળાં બાળકોના જીવનમાં શી શી વિટંબનાઓ હોય છે તે ન જાણીએ, આપણી પ્રજાના એક પણ જીવને જંપ ન હોય ને આપણે કયે મોઢે દીવાળી ઉજવીએ ?

ત્યારે આપણે ઘેર ખરી દીવાળી ક્યારે આવે ?


તમે જો માનો કે તમે અજ્ઞાન અને અસત્યના રાજ્યને હઠાવનારા સૈનિક થશો; કોઈપણ માણસ જુદા ધર્મનો, જુદી જાતનો કે તમારાથી જુદા મતનો હોય તોપણ તેનું અપમાન કે તિરસ્કાર નહિ કરો; 'એક પિતા પરમેશ્વર'નાં સૌ બાળકોમાં હમેશાં બંધુભાવ જ હોય, પછી ભલે તે ગમે તે નાતજાતનો હોય—એમ તમે માનો; તમે જો માનો કે દેશની પરાધીનતા ટાળવા તમે કેડ બાંધશો; તમે જો માનો કે તમારા દેશની સ્ત્રીઓને અજ્ઞાન ને ત્રાસમાંથી બચાવવા તેમને યોગ્ય કેળવણી અને પુરતા અધિકાર આપવા તમે આગળ પડશો; તમે જો માનો કે કુમળા છોડ જેવી આપણી ઉગતી પ્રજાને ઉત્સાહ ને પોષણ આપી ખીલાવવા તમે તૈયાર થશો; ને ભુખે ટળવળતાં અસંખ્ય દેશજનોને રોટલો પહોંચાડવા આપણાથી કાંઈ ન બને ત્યાં સુધી આપણાથી ઉત્સવો કેમ ઉજવાય એમ તમે માનો; તો જરૂર તમારે ત્યાં ખરી દીવાળી આવવાની અને એ મહત્ત્વાકાંક્ષાઓની એટલી બધી જ્યોતો તમારા અંતરમાં પ્રગટશે કે તમે દીવાળીનો પૂર્ણ આનંદ અનુભવશો.

એક કામ ન કરવાથી કોઇનું દિલ દુભાતું હોય કે આઘાત પહોંચતો હોય, પછી તે ભલે તમારૂં વહાલામાં વહાલું સગું—મા, બાપ, ભાઇ, બહેન—કે મિત્ર હોય તોપણ એ કામ જો અયોગ્ય હોય, તમારા અંતરના અવાજની સામે હોય તો એ કરવાની 'ના' જ કહો;—વિનયપૂર્વક, નમ્રતાથી ને પ્રેમથી પણ 'નન્નો' જ ભણો.

તમારામાં એક વાર એ 'નન્નો' ભણવા જેટલું બેધડકપણું, નિખાલસપણું ને પ્રાણબળ આવી જાય કે પછી તમારો જીંદગીનો માર્ગ મોકળો છે. કોઇ મુશ્કેલી તમને હઠાવી શકશે નહિ, કોઈ લાંચ લાલચ તમને ચળાવી શકશે નહિ, કોઇ જુલમ તમને નમાવી શકશે નહિ.

માટે જ કહ્યું છે ને, કે 'એક નન્નો છત્રીસ રોગને હણે.'





એકલવ્ય

[એક નાની નાટિકા]

પ્રવેશ પહેલો

હસ્તિનાપુરની વ્યાયામશાળામાં સાંજ

[નગરના પડછાયા પૂર્વ દિશા તરફ લંબાય છે. દેવાલયોમાંથી ઘંટારવ અને શંખનાદ ઉઠે છે. ગાયોનાં ધણ શેરીઓમાં થઇને વીખરાવા માંડે છે. એવે ગાયોનાં ટોળાં વચ્ચેથી નીકળી એક કાળો આકાર વ્યાયામશાળાની વાડ કુદી જાય છે, અને સંતાતો સંતાતો આગળ વધે છે.]

એકલવ્ય (મનમાં)

મોટી મુશ્કેલીએ શહેરમાં દાખલ થયો અને ગાયોનાં ટોળાંમાં છુપાઇને અહીં સુધી તો આવી પહોંચ્યો. ભગવાન દ્રોણાચાર્ય કોઇક ઓરડામાં વિરાજતા હશે. ચાલ, જઇને જોઉં. નમ્રતાપૂર્વક નમન કરીને હું પ્રાર્થના કરીશ કે મને ધનુર્વિદ્યા શીખવો. પણ એ તો રાજગુરુ.

[એવે કસરતો અને રમતો પુરી થવાથી સઘળા રાજકુમારો ટોળાંબંધ છુટે છે, આમતેમ ફરે છે ને વાતો કરે છે. તેમને જોઇ એ એક ઠેકાણે ભરાઇ બેસે છે અને સઘળું સાંભળે છે.]

દુર્યોધન

અલ્યા અર્જુન, તું તો ગુરુજીનું પુંછડું; પાછળ ને પાછળ જ ઘસડાય છે.

અર્જુન

ભાઇ, મારી મશ્કરી ભલે કરો; પણ ગુરુજીનું નામ ન દેશો. હું એ નહિ સાંખું.

દુઃશાસન (કાનમાં)

યુયુત્સુ, જો તો ખરો; વધારીકિં મરચું બળવા મંડયું !

ભીમ

ભાઇઓ, સૌ સાંભળો. આપણને તો આ ફોશાં જેવાં તીરમાં કાંઇ રસ નથી પડતો; દસ મણની ગદા ફેરવવી ગમે. એવાં તો હજાર ભલકાં હું હાથમાં ઝાલી ફેંકું તે જાય ગગનમાં ગાજતાં.

અર્જુન

પણ એથી કાંઈ નીશાન પડે ?

દુર્યોધન

એ તો ભીમ બોલ, બાહુ બોલ, લાડુ તોલ.

ભીમ

બોલતાં સંભાળજો ભાઇ, નહિતર ગદા ભારે પડી જશે.

યુધિષ્ઠિર

આપણે સૌ આનંદે વાતો કરીએ છીએ ત્યાં મશ્કરી ને મજાક જવા દો. હું તો ચોકખું કહું છું કે ધનુર્વિદ્યામાં મારું જરા યે ધ્યાન નથી.

ભીમ

અને આ દુર્યોધને આજ બાણ સાંધ્યું, તે ધનુષ ને બાણ બંને ઉંધાં ! પણછ છોડી હોત તો તો પરબાર્યું છાતી જ વીંધત. એ તો સારું થયું તે અર્જુને ચેતવ્યો.

દુર્યોધન

ગુરુજીને કેમ જાણે પઢાવીને પોપટ કરી દેવો છે, તે મારો તો પીછો જ નથી છોડતા.

યુયુત્સુ

પણ ગુરુજી ભલેને ફીખા કરે,—બંદા તો જાણે સાંભળતા જ નથી.

અર્જુન

એ કાંઈ શિષ્યનાં લક્ષણ નથી. આમાં ક્યાં ગુરુજીને ખોવાનું છે? તમે નહિ શીખો તો તમને નહિ આવડે.

ભીમ

અને આ દુઃશાસને બાણ છોડ્યું તે બીચારૂં નીશાન તરફ જતાં જતાં અરધે પંથે જ થાકી ગયું ને ભોંયભેગું થયું. કેવો જોરદાર જુવાન !

દુઃશાસન

એ તો જાણ્યો તને, જડોબમ્ કાઢી જેવો છે તે. દુર્યોધનભાઇ, ચાલો આપણે રાજમહેલે. ભોજન સમય થવા આવ્યો.

[સૌ રાજકુમારો વેરાય છે, શાળા સુની પડે છે અને એકલવ્ય લપાઇને ધીમેથી પગલાં માંડે છે. જરાક આગળ જતાં પદ્માસન વાળીને ધ્યાનસ્થ થએલા દ્રોણાચાર્યને જુએ છે.]

એકલવ્ય (સામે જઇને)

ભગવન્, હું એકલવ્ય આપને પ્રણામ કરૂં છું.

[એમ કહી ચરણસ્પર્શ કરી પગે પડે છે.]

દ્રોણાચાર્ય (આંખો ઉઘાડીને)

તું કોણ છે? અને આ રાજકુમારોની વ્યાયામશાળામાં શા કાજે આવ્યો છે?

એકલવ્ય

હું હિરણ્યધનુષ નામના ભીલ રાજાનો પુત્ર છું, અને આપને મળવા આટલી હિમ્મત ભીડી અહીં આવ્યો છું.

દ્રોણાચાર્ય

પણ...તારે મારૂં એવું શું કામ છે?

એકલવ્ય

મહારાજ, હું ધનુર્વિદ્યા શીખવા માગું છું. કોઇ ગુરુની શોધમાં હતો, એવે આપનું નામ સાંભળ્યું. ઘણા રાજપુત્રો આપની આગળ અસ્ત્રવિદ્યા શીખે છે. હું પણ એ જ આશાએ આવ્યો છું.

દ્રોણાચાર્ય

તું વળી અસ્ત્રવિદ્યાને શું કરવાનો છે? ક્ષત્રિયો પેઠે દિગ્વિજય તો નથી આદરવો? બહુ તો બેચાર પક્ષી વધુ મારીશ.

[આ શબ્દો સાંભળી એકલવ્યને અંગે ધ્રુજ છુટે છે. એનો ઉત્સાહ ઓસરે છે અને ચહેરો ફીકો પડે છે. માથું નીચું નમાવી એ ઉભો રહે છે.]

એકલવ્ય

ના દેવ, હું સમજું છું કે અસ્ત્રવિદ્યા રક્ષણ માટે છે—ભક્ષણ માટે નહિ.

દ્રોણાચાર્ય

તું ભીલ છે એટલે તારા પુરતું બાણ મારવાનું કામ તો જાણતો હશે.

એકલવ્ય

જી હા, પણ મારી તો એ વિદ્યામાં પારંગત થવાની—બાણાવળી બનવાની ઇચ્છા છે.

દ્રોણાચાર્ય (મનમાં)

આ ભીલપુત્ર ભારે બાહોશ જણાય છે. અભ્યાસની એની ઉત્કંઠા એટલી તીવ્ર ને શ્રદ્ધા એટલી પ્રબળ છે કે મારા આ સૌ શિષ્યો–રાજકુમારોને એ વટાવી જશે. અને એમ થાય તો તો મારી બાંધેલી બધી આશાઓ ઓસરી જાય. મારા પ્રાણ સમા અશ્વત્થામાને મારે હસ્તિનાપુરના રાજ્યદ્વારમાં માનીતો કરવો છે; ને આ રાજકુમારોનો કોઈ હરીફ ન જાગે એ પણ જોવાનું છે. એટલે આને તો ખેરવવો જ જોઇશે. (એકલવ્યને) પણ હું શૂદ્રને ધનુર્વેદ નથી શીખવતો. ધર્મમાં પણ તમ લોકનો અધિકાર માત્ર સેવાનો છે.

એકલવ્ય

ગુરુજી, ધનુર્વિદ્યા શીખીને પણ હું સેવા જ કરવાનો છું. આપને હું સાચું કહું છું કે જન્મે શૂદ્ર હોવા છતાં ગુણેકર્મે હું ક્ષત્રિય બનવા ધારૂં છું.

દ્રોણાચાર્ય

તે હશે. પણ તું શૂદ્ર તો છે જ.

[એકલવ્યની આંખે અંધારાં આવે છે.]

એકલવ્ય

શું હું શૂદ્ર હોવાને કારણે જ આપ મને શિષ્ય નહિ માનો ? ઠીક. ગુરુજી, આપ ભલે ન સ્વીકારો પણ હું તો આપને મારા એક માત્ર પરમ ગુરુદેવ માનું છું.

[આંસુભરી આંખે દંડવત્ પ્રણામ કરે છે.]

મહારાજ, ત્યારે હું જવાની રજા માગું છું.

[નમન કરી એકલવ્ય ચાલી નીકળે છે.]

પ્રવેશ બીજો

હસ્તિનાપુરની પડોશના જંગલમાં ફુટતું પ્હરોડ

[રાની પશુઓ અહીંતહીં દોડે છે : પક્ષીઓનો કલ્લોલ મચે છે : પર્વતની કરાડો પરથી સુસવાટ કરતા ધોધ ખીણોમાં ઝપાટાબંધ પડે છે. વૃક્ષોનાં ઝુકેલાં ઝુંડ ઉપર ઉષાની રતાશ હડે છે.

એવે પાસેની પગથીમાંથી કુદે કાળા મૃગનું ચર્મ પહેરેલ, હાથમાં તીરકામઠું લીધેલ, માથે ચીંદરડે બાંધેલ વાળવાળો, મેલા શરીરવાળો એકલવ્ય આવતો દેખાય છે.]

એકલવ્ય (મનમાં)

સ્વજનો જેવા ભુતકાળના દિવસો આજ એકાએક યાદ આવે છે. મુસાફરીએ નીકળ્યો ત્યારે માતાએ માથા પર હાથ મુકી ક્યાંય સુધી મારું મોં જોયા કર્યું; ને છેવટે કહ્યું, 'બેટા, મને સંભારતો રહીશ ને ? પણ ભાઈ, તું સંભારે કે ન સંભારે, હું તો હમેશ ભીંત પર કંકુનો એક સાથીઓ માંડીશ ને તારી યાદ તાજી રાખીશ.' કેટલી શ્રદ્ધા ! એ સંભારૂં છું ત્યારે મારૂં મન રસ રસ થઈ વહેવા લાગે છે. અને એક વખત શોકાતુર થઇને બેઠો હતો ને તરત જ કોણ દેખાયું ? મારી માતાનું વ્હાલભર્યું મોં ! ઉંડાણુમાંથી શબ્દો આવ્યા, 'બેટા, આપણો અધિકાર સેવાનો છે.'

હા, શ્રદ્ધા અને સેવા—એ બે વડે હું જીવનના મર્મ સમજી શકીશ.

[એક ઘટાદાર વડ આગળ આવી એકલવ્ય ઉભો રહે છે. ને પળેક વિચારમાં પડે છે. પછી નદીકાંઠેથી થોડીક ભીની માટી લઇ આવી ખુબ ભાવથી ગુરુ દ્રોણાચાર્યની એક મૂર્તિ હાથ વડે બનાવી કાઢે છે. તેને ઉપાડીને વડના થડ આગળ પધરાવે છે. પોતાનાં ધનુષબાણ ગુરુમૂર્તિને ધરી સાષ્ટાંગ પ્રણામ કરે છે. પછીથી શરસંધાન કરે છે અને ગુરુમૂર્તિ સમક્ષ ધનુર્વિદ્યા શીખવા માંડે છે.]

એકલવ્ય (મૂર્તિ તરફ જોઇને)

ગુરુદેવ ! મેં ધનુર્વેદ સાધવાનો નિશ્ચય કર્યો છે; અને તેથી આપના પ્રાણનું આવાહન કરૂં છું. આપનો શક્તિપ્રભાવ મને પ્રેરો—મારામાં ઉતરો. મારૂં ચિત્ત નિર્મળ છે અને હૃદય આતુર છે. હું મારી વિદ્યા સૌની સેવામાં જ વાપરીશ અને મારૂં ધનુષ બાણચડેલું જ રાખીશ. દેવ, કોઈ એકલવ્ય આપનો અધુરો કે ઉદ્ધત શિષ્ય હતો એવું કલંક કદી લાગવા નહિ દઉં. આપની વિદ્યાને હું કદાપિ અભડાવીશ નહિ, પણ ઉજ્જવળ કરી બતાવીશ. આ એકલવ્ય છે તો શૂદ્ર, પરંતુ શૂદ્રના ધર્મોમાંથી જ એ વિકાસ મેળવશે. માતાએ મને શ્રદ્ધા દીધી છે અને સેવાનો મંત્ર આપે મુક્યો છે. તે બંનેને હું સાર્થ કરીશ. જગત ભલે ન જાણે કે એકલવ્ય આપનો શિષ્ય છે. હું જડ હોઇશ, પણ દેવ, ચેતનનો પુજનાર છું. આપ સદેહે મારી આગળ વિરાજો છો એથી વધુ એકલવ્યને શું જોઈએ ?

[વિચાર કરતો એક પછી એક બાણ છોડે છે. દરેક બાણે નીશાન પાડે છે.]

ગુરુદેવ ! આ મારૂં સામર્થ્ય ન હોય; આપનો જ પ્રભાવ. આપની શક્તિઓને બહાર લાવવાનું હું કેમ જાણે વાહન થયો હોઉં ! અવશ્ય હું આપને નામે પાર ઉતરીશ. ગુરુદેવ, નમોનમઃ

[બાણે બાણે એ એકએક કળા સાધે છે; અને એટલો એકાગ્રચિત્ત થતો નીશાન વીંધે છે, કે જાતનું પણ ભાન ભુલે છે.]

પ્રવેશ ત્રીજો

ધનુર્વેદ સિદ્ધ કરવામ. .ાંબો કાળ તપ આચરી એકલવ્ય ઘણા વખતના ગાળા પછી એ જ સ્થળે એ જ ક્રિયા કરી રહેલો દેખાય છે.]

એકલવ્ય (મનમાં)

ગુરુજીના પ્રસાદે કરી કેટકેટલી કળાઓ જાણી! સૌથી છેલ્લું અને ઉત્તમ શબ્દવેધિત્વ પણ અનાયાસે આવડયું.

[એટલામાં માલીકથી ભુલો પડેલો કોઇ કુતરો એકલવ્યનો વિચિત્ર પહેરવેશ અને રીતભાત જોઇને ભસવા માંડે છે.]

એકલવ્ય (એને જોઈને)

હાં હાં, ઠીક સાંભર્યું. લાઘવની કળાનો પ્રયોગ કરવાની આ તક સારી મળી છે.

[એક પછી એક એમ સાથેલાગાં સાત બાણ છોડે છે. એ સાતે બાણ કુતરાના મોંમાં એવી રીતે ગોઠવાઈ જાય છે કે એનું મોં રજ માત્ર ઘવાયા વિના બાણોથી ભરાઈ જઈ મુંગું બને છે. કુતરો ત્યાંથી નાસી જાય છે અને એકલવ્ય આનંદ પામતો પોતાના કામમાં પરોવાય છે.]

પ્રવેશ ચોથો

[જંગલમાંથી કૌરવપાંડવના રથ દોડી જતા સંભળાય છે. સઘળા રાજકુમારો નીચે ઉતરીને મૃગયા રમવા છુટા પડે છે. ભીમ ને અર્જુન વાતો કરતા કરતા એક બાજુ વળે છે.]

અર્જુન

ગુરુદેવે એમ કીધું છે, ભીમ, કે સૌથી શ્રેષ્ઠ ધનુર્ધર બાણ વડે સૌના કરતાં સારીરીતે ફુલ ચુંટી શકે. જોર અને સચોટ નીશાન એ જેમ ધનુર્ધરનાં મુખ્ય લક્ષણો છે તેવાં જ લાઘવ ને વિવેક પણ છે.

ભીમ

ગદાધર માટે એ વાત નથી. જે વધારે ઝીણો ભુકો કરી જાણે તે વધારે સારી ગદા ફેરવે છે: આમ જો—

[ભીમની ગદાથી એક ખડકના ચુરેચુરા થાય છે.]

અર્જુન

પણ બાણ ફેંકવામાં વિવેક ઉપરાંત ચપળતા જોઇએ. ચપળતા છતાં ગભરાટ નહિ: ધીરજ અને લાઘવ; તેમજ લાઘવ છતાં નિર્બળતા નહિ. પુરતી સંભાળ, પણ અશ્રદ્ધા ન હોય; અને શ્રદ્ધા છતાં બેદરકારી નહિ. ખરા બાણાવળીના આ ખાસ ગુણો છે.

ભીમ

અર્જુન, જો તો ખરો. આ તો સાક્ષાત્ યમરાજનો કુતરો!

[દૂરથી કુતરો દોડતો આવે છે.]

એ ભસતો નથી, કારણકે ગદાની શક્તિની એને ખબર છે.

અર્જુન

એ ભસતો નથી, કારણકે કોઇ સાચા બાણાવળીએ એના મોં ઉપર બાણની લાઘવકળાનો પ્રયોગ કર્યો છે. એનું મોં બાણોથી ભરી દઇ બંધ કર્યું છે છતાં એને મુદ્દલ ઇજા નથી થઈ: આનું નામ લાઘવ.

ભીમ

એવો તે કોણ હશે એ બાણાવળી?

અર્જુન

ચાલો, એ વીર પુરુષની ભાળ કાઢીએ.

[બંને આમતેમ શોધ કરે છે. થોડે અંતરે કોઇક દેખાતું લાગે છે.]

અર્જુન (ઝીણી નજરે જોઇને)

કોઈ તપસ્વી જણાય છે. શુદ્ધ કાળીઆરનું ચામડું બાંધ્યું છે અને જટા ધારણ કરી છે.

ભીમ (આગળ વધીને)

અહો, ધન્ય ધન્ય! શી બાણની પરંપરા ચાલી રહી છે! અર્જુન, આ તો કોઈ સમર્થ ધનુર્વેદી જણાય છે.

[અર્જુન એકલવ્યની પાસે જઇ ઉભો રહે છે.]

અર્જુન (મોટેથી)

બ્રહ્મચારી, તમે કોણ છો? ને આ નિરંતર

અભ્યાસ શા સારૂ કરો છો ?

એકલવ્ય

ભાઈ, હું ધનુર્વેદનો અભ્યાસી છું; અને નિરંતર અભ્યાસ એટલા માટે કરૂં છું કે ગુરુદેવ રાત અને દિવસ મારી સમક્ષ રહે છે.

અર્જુન

ગુરુદેવ? તમારા ગુરુદેવ કોણ છે ?

એકલવ્ય

ગુરુદેવ દ્રોણાચાર્ય, જેને ધનુર્વિદ્યા આવડી નથી—જન્મી છે.

અર્જુન

દ્રોણાચાર્ય ! એમનો તો હું શિષ્ય છું.

એકલવ્ય (અર્જુનને ઓળખીને)

કોણ, ધનુર્ધર અર્જુન ? ગુરુદેવની જીવતી પ્રેરણા પામેલા તમ જેવા પાસે મારી સિદ્ધિ તો નહિ જેવી જ છે. પરંતુ ગુરુદેવની સેવાપૂજામાં હું પણ અભ્યાસ કરી રહ્યો છું.

[એમ કહી દ્રોણાચાર્યની પ્રતિમા બતાવે છે.]

અર્જુન

તમારી વિદ્યામાં બહારનું ઉત્તેજન નથી, અંતરની પ્રેરણા છે: ને તેથી તમારા અભ્યાસમાં કુદરતી ભવ્યતા છે. ધન્ય છે તમને.

[નમન કરી અર્જુન તથા ભીમ તેનાથી છુટા પડે છે.]

અર્જુન (એકલો મનમાં)

આ કુમાર યોગી છે. અને યોગીને શું દુર્લભ હોય ? કોઇક શ્રદ્ધાળુ હશે: કેટલાક ગુરુ દ્રોણને પુજનારા હશે: વખાણનારા એથી વધારે હશે: પણ પળેપળ એમનાં મોટાઈ ને ગૌરવ, એમનાં શક્તિ ને તેજ જોવાની અને ઝીલવાની કળા તો આ ભીલ-કુમારની જ. આટલી શ્રદ્ધા છે તો યે અંતઃકરણમાં નિરભિમાની વૃત્તિ ફુલની વાસ જેમ ફોરી રહી છે. આ જુવાન માટે માન થાય છે. … …પણ ..પણ અર્જુન આજથી ગુરુદેવનો શિષ્ય છતાં પહેલો ધનુર્ધર મટી જાય છે! અને તે પણ એક ભીલ જુવાનના અડગ અભ્યાસથી.

પરંતુ ગુરુદેવનું વચન છે કે પહેલો બાણાવળી અર્જુન કહેવાશે. અને આમ કેમ ? આજે જંગલમાં આ જુવાને મારૂં અભ્યાસનું અભિમાન, ને એ અભિમાનનું ઝેર ઉતારી નાખ્યું. નમુનેદાર વિદ્યાર્થી કેવો હોય તેનું ભાન હસ્તિનાપુરની દીવાલો કરતાં જંગલમાં વધુ મળે છે.

છતાં મારૂં સ્થાન ડગે છે … … અને પાંડુપુત્ર અર્જુન એકમાત્ર બાણાવળી બનવાને બદલે માત્ર ધનુર્ધર રહે છે! ચાલ, ગુરુદેવને આ વાતની ખબર કરૂં અને એમના વચનની યાદ દઉં.

[અર્જુન અને ભીમ મુંગા મુંગા રથ તરફ વળે છે.]

પ્રવેશ પાંચમો

[એકલવ્ય ગુરુદેવની મૂર્તિને પ્રણામ કરે છે. તેની પીઠ પાછળ દ્રોણાચાર્ય અને અર્જુન છાના આવીને ઉભા છે.]

એકલવ્ય (મૂર્તિને સંબોધીને ધીમેથી)

ગુરુદેવ, પૂજ્ય ગુરુદેવ ! મારો અભ્યાસ એ આપની પ્રેરણા પી પીને મેળવેલી સિદ્ધિ છે. ઓ પ્રિય ગુરુદેવ ! આપનો જય હો, જય હો.

દ્રોણાચાર્ય (પ્રગટ થઇને)

એકલવ્ય ! મેં તને ના પાડી ત્યારે તેં આમ સિદ્ધિ મેળવી, ખરૂં ?

એકલવ્ય (આશ્ચર્યથી ઝબકી સામે ફરીને)

આપનામાં શ્રદ્ધા એ જ મારી શક્તિ—એ જ મારી સિદ્ધિ. આદેશ ગુરુદેવ, આપની શી સેવા કરૂં ?

દ્રોણાચાર્ય (લાગ જોઇને)

તેં મને ગુરુ માન્યો ને મારી પ્રતિમા પાસેથી વિદ્યા લીધી. હવે આજ તારો અભ્યાસ પુરો થાય છે, માટે ગુરુદક્ષિણા આપ.

એકલવ્ય


ગુરુદેવ, આપ ઇચ્છો તે આપું. આજ્ઞા.

દ્રોણાચાર્ય

તો એકલવ્ય, તારા જમણા હાથનો અંગુઠો આપ !



એકલવ્યની ગુરુદક્ષિણા



"સરખેજ" :: બળવંત (અમદાવાદ) ૨ "નાગમતી નદી" :: હીરાલાલ આશર: ઉમર વર્ષ ૧૫: (જામનગર) ૩ "વૃક્ષો". જમનાદાસ છોટાલાલ સુબેદાર (માટુંગા) ૪ "કેમ્ટી ફૉલ્સ" (મસુરીનો એક ધોધ) :: રસેન્દ્ર પી. દેસાઇ: ઉમર વર્ષ ૧૩: (વડોદરા) ૫ "નાનો ઇજનેર" :: હંસરાજ પુરુષોત્તમ વિશ્રામ માવજી: ઉમર વર્ષ ૧૪: (મુંબાઈ) ૬ "બાદશાહ" :: સર ગિરિજાપ્રસાદ ચીનુભાઈ (અમદાવાદ) ૭ "બર્માની હોડી" :: નરભેરામ જગજીવન સંઘવી (રંગુન) ૮ "અચળેશ્વર (આબુ)" :: રમણિકલાલ નગીનદાસ (અમદાવાદ).

એકલવ્ય

અંગુઠો ? બસ એટલું જ ? લ્યો, આ આપના ચરણમાં.

[એમ બોલીને એ અંગુઠો કાપી ધરે છે.]

દ્રોણાચાર્ય

અરે હાં હાં, એકલવ્ય !

એકલવ્ય

બોલો, ગુરુદેવ ! બીજી શી સેવા કરૂં ? આ તો કેટલી કંગાલ દક્ષિણા !

દ્રોણાચાર્ય (મનમાં)

ઓ ! આટલી જબરી શ્રદ્ધા ! એની પાસે અભ્યાસના પથરા પીગળીને પાણી જ થઇ જાયને ? (મોટેથી) તારૂં બળ વિદ્યામાં નથી, શ્રદ્ધામાં છે. મેં તને વિદ્યાથી વંચિત રાખ્યો : પણ તારી શ્રદ્ધા અણીશુદ્ધ ટકી. આજથી તું અજીત થઈ ગયો.

[ગુરુ દ્રોણ એકલવ્યને આશીર્વાદ દઇ અર્જુન જોડે વિદાય થાય છે. એકલવ્ય અંગુઠા વિનાની આંગળીઓ વડે ધીરી ઝડપે બાણ છોડવાં શરુ કરે છે.]

દ્રોણાચાર્ય
(રસ્તે ચાલતાં મનમાં)

હવે મારૂં વચન સાચું પડશે અને અર્જુન એકલો બાણાવળી થશે... પણ મારૂં બળ અને અર્જુનના અભ્યાસ અંને એકલવ્યના અંગુઠા જેટલાં ઓછાં ! શ્રદ્ધાના અખંડ જ્યોતિ શો શૂદ્ર એકલવ્ય ક્ષત્રિય બન્યો છે. એને ચડતાં આવડયું,—મને પડતાં યે ન આવડયું. શિષ્ય શૂદ્રમાંથી ક્ષત્રિય થાય છે ત્યારે ગુરુ બ્રાહ્મણ મટીને ક્ષત્રિય બને છે ! ધન્ય ! શિષ્ય, ધન્ય ! અખંડ શ્રદ્ધા ! અડગ અભ્યાસ ! અનંત સામર્થ્ય !......એનું નામ એકલવ્ય !

[વિચાર અને શોકની છાયાઓમાં અર્જુન અને દ્રોણાચાર્ય હસ્તિનાપુરની વ્યાયામશાળા ભણી જતા દેખાતાં બંધ પડે છે]



દુઃખસુખ આવે રે તે સ્હેજો !
માજીનાં ચરણકમલમાં સ્હેજો !
દુઃખસુખ આવે રે તે સ્હેજો !

સુખડાં તરતાં રે રૂડાં છે ;
દુઃખડાં પાછળ રે ઊંડાં છે ;
માજીના ઊંડારૂડા સંદેશ :
દુઃખસુખ આવે રે તે સ્હેજો !

સુખડાંની શોભા રે સુલભ છે ;
દુઃખડાંના હેતુ રે ગહન છે ;
માજીના ગહનસુલભ આદેશ :
દુઃખસુખ આવે રે તે સ્હેજો !

મા ! તુજ પ્રેમલ રે રચના છે ;
મા ! તુજ સદર્થ રે ઘટના છે ;
મા ! તુજ સદર્થપ્રેમલ નિવેશ :
દુઃખસુખ આવે રે તે સ્હેશું :

મા ! તુજ ચરણકમલમાં રહેશું :
દુઃખસુખ આવે રે તે સ્હેશું.

કવિ નાનાલાલ



છાપકળાનો શોધક

૧

દુનીઆમાં અનેક મોટી શોધો થઈ છે, અને તેના અસંખ્ય લાભ અત્યારે જગત ઉઠાવી રહ્યું છે. પણ જે વડે જગત આખાને સૌથી મોટામાં મોટો લાભ થયો, જેનાથી જ્ઞાન વિસ્તાર પામ્યું, જે વડે જ્ઞાન કોઇ પણ એક ઠેકાણે પુરાઇ ન રહેતાં સરળ અને વહેતું થયું, તે શોધ છાપવાનાં બીબાંની. વિદ્વાનોનું જ્ઞાન, કવિઓની સુંદર કલ્પનાઓ, દેશ-પરદેશની હકીકતો ને સમાચાર, આપણામાંનો ગમે તે માણસ છાપખાનાની શોધને પ્રતાપે જ છુટથી મેળવી શકે છે, જાણી શકે છે ને માણી શકે છે.

અત્યારે તમે ગમે તે ચોપડી કે છાપું લઇને વાંચી શકો છો અને તે મારફત ગમે તે દેશના ખબર જાણી શકો છો; ગમે તે શોધનું કે બનાવનું જ્ઞાન મેળવી શકો છો; ઇતિહાસ, ભૂગોળ કે ગણિત શીખી શકો છો; અને સુંદર કવિતાઓ ને રસભરી વાર્તાઓનો રસ માણી શકો છો. પણ એક જમાનો એવો હતો કે જ્યારે બધું જ્ઞાન ગુરુની જીભ પર જ જળવાઇ રહેતું. વિદ્યાર્થીઓ ગુરુને ઘેર જતા અને ગુરુને મુખેથી જ વિદ્યા સાંભળી, મેળવી મુખપાઠ કરતા.

પુસ્તકો તો અક્ષરોની શોધ થયા પછી હાથે લખાવા માંડ્યાં. પણ અક્ષરો શોધાયા પહેલાં તો લોકો જે ચીજનું નામ લખવું હોય તે ચીજ જ ચીતરતા. જો નારંગી, માણસ કે ફુલ લખવું હોય તો લોકો કાગળ પર નારંગી, માણસ કે ફુલ ચીતરી બતાવે.

અક્ષરોની મુળ શોધ કોણે કરી તેની ખબર નથી મળતી. ત્યાર પછી પુસ્તકો હાથથી લખાવા માંડ્યાં. એ વખતમાં પુસ્તકો હાથથી લખાતાં હોવાને લીધે બહુ કીમતી ગણાતાં, અને એવા લેખો તથા પુસ્તકો સામાન્ય લોકોની નજરે ભાગ્યે જ પડતાં હોવાથી તેઓ એ ચીજોને અદ્‌ભુત માનતા. એવા જુના અદ્‌ભુત લેખો અને હાથે લખાયેલી ચોપડીઓ ઘણી સંભાળથી સાચવી રાખવામાં આવતી. આવી ચોપડીઓ અને લેખો હજી પણ અજાયબઘરો (મ્યુઝીઅમો)-માં જોવામાં આવે છે.

ત્યાર પછી લાકડામાં ચિત્રો કોરીને તેની છાપ પાડી લેવાની શોધ થઈ. પોતાને જોઇએ તે ચિત્ર લોકો લાકડામાં અવળું કોરી લેતા, અને પછી તે પર શાહી ચોપડી તેને કાગળ પર છાપતા. આમ કરતાં કરતાં પુસ્તકો છાપવાનું લોકોને સુઝી આવ્યું. પરંતુ તેઓ જે પાનું છાપવું હોય તે આખું યે પાનું મોટા લાકડાના કકડામાં કોરી કાઢતા અને પછી તે છાપતા. આથી મુશ્કેલી એ થતી કે જે ચોપડીનાં પાનાંની લાકડાની છાપો બનાવી હોય તેના જ કામમાં એ આવે; અને નવી ચોપડી છાપવી હોય ત્યારે તેનાં પાનાંની પાછી નવી છાપો તૈયાર કરવી પડે. આમાં ખુબ મહેનત, વખત અને પૈસો ખરચાતાં. આથી દરેક અક્ષરનું એકેક જુદું બીબું બનાવી લેવાની જરુર પડી. જે પાનું છાપવું હોય તેના અક્ષરો પ્રમાણે બીબાં લઇ ગોઠવાય; તેના પર શાહી ચોપડી તેને કાગળ પર છાપી લેવાય; અને ખપ થઇ રહ્યે તે જ બીબાંને પાછાં છોડી નાખી તે વડે નવું પાનું ગોઠવાય. આ બીબાં શોધી કાઢવાનો વિચાર જે માણસને પહેલવહેલો આવ્યો, તેણે મોટામાં મોટી શોધ કરીને દુનીઆની ભારેમાં ભારે સેવા કરી ગણાય.

૨

જર્મનીના મેઇન્ઝ નામના એક પુરાણા શહેરમાં જૉન ગટનબર્ગ નામે એક ઘરડો અને ગરીબ માણુસ રહેતો હતો. ઇ. સ. ૧૪૪૦ના વર્ષમાં એક અજવાળી રાતે, ઉંચાં છાપરાંઓના લાંબા પડછાયા શહેરની સાંકડી ગલીઓમાં પડી રહ્યા હતા; ચંદ્રનાં રૂપેરી કિરણો, પાસે વહેતી હ્‌ાઇન નદીનાં પાણીમાં પડતાં હતાં; અને આનંદદાયક પવનની લહરીઓ દ્રાક્ષવેલનાં પાંદડાંઓમાંથી ગેલ કરતી વહી રહી હતી. પરંતુ બુઢ્ઢા ગટનબર્ગને આમાંનું કંઇ પણ જોવાનો અવકાશ ન હતો. તે તો, ઘરનાં બારીબારણાં વાસીને પોતાના કામમાં મશગુલ બની ગયો હતો.

ઘરની વચ્ચે લાકડાનાં પાટીઆંની એક ભીંત ઉભી કરીને તે વડે એક ઓરડાના બે ઓરડા બનાવવામાં આવ્યા હતા; અને એ લાકડાની ભીંતમાં મથાળે બાંકોરૂં પાડી, તેમાં એક ધુમાડાવાળું ફાનસ લટકાવેલું હતું; કે જેથી એક જ ફાનસનો પ્રકાશ બંને ઓરડામાં એકીસાથે પડી શકે. આ ફાનસના ઝાંખા પ્રકાશમાં બુઢ્ઢો ગટનબર્ગ ટેબલ પર નીચો વળીને કંઈક કરી રહ્યો હતો. તેની સામે ધાતુનાં બીબાં ભરેલું લાકડાનાં ખાનાંનું એક ખોખું હતું, અને ટેબલપર કેટલીક ઊનની કોથળીઓ અનુક્રમે ગોઠવેલી હતી. તેમાંથી બીબાં લઇને બાજુ પર પડેલા એક જુના હસ્તલિખિત લેખ પ્રમાણે ગટનબર્ગ ઘણી જ સંભાળથી તે ગોઠવતો હતો. આમ અથાગ મહેનત પછી ગોઠવેલી લીટીને તે દોરીથી બાંધતો. બંધ બારણાં અને દીવાના ધુમાડાને લીધે ઓરડાની હવા ગુંગળાવી નાખતી હતી. આખા ઓરડામાં દુઃખદાયક શાન્તિ હતી, અને તેની વચ્ચે વચ્ચે થાકેલા બુઢ્ઢાનો શ્વાસોચ્છ્વાસ તથા ધાતુનાં બીબાં ગોઠવતાં એકબીજાને અડકવાથી થતો અવાજ એ શાન્તિનો ભંગ કરતાં હતાં.



જૉન ગટનબર્ગ

૩

અચાનક કોઇએ બારણું ખખડાવ્યું. આટલી મોડી રાતે કોણુ હેરાન કરવા આવ્યું હશે એની મીમસાણુ કરતો બુઢ્ઢો બારણું ઉઘાડવાં ઉઠયો.

આવનાર માણુસ જુવાન અને ભલા દેખાવનો હતો. તેણે ધીમેથી બારણું બંધ કરી નરમાશથી ગટનબર્ગને કહ્યું, ‘આટલી રાતે આપને તકલીફ આપવા

માટે આપની ક્ષમા માગું છું. શેઠ, હું આપને અને આપની આ પવિત્ર કળાને ચરણે મારી જીંદગી અર્પણ કરવા આવ્યો છું.'

ગટનબર્ગને કામમાં માણસોની ઘણી જરૂર પડેલી. પણ જેટલાને તેણે રાખેલા તે તેને મદદ કરવાને બદલે ઉલટા ભારરૂપ થઈ પડેલા; એટલે તેણે એમને રજા આપેલી, અને પોતે એકલે હાથે જેટલું બને તેટલું કરી છુટવાનો નિશ્ચય કરેલો. આ વળી કોઇ વખાનો માર્યો પૈસા કમાવા આવ્યો હશે, એમ ધારી તેને ટાળવા માટે બુઢ્ઢાએ થોડા પૈસા આપવા માંડ્યા. પણ પેલા જુવાને તો તેને ચરણે પડી કહ્યું, 'માફ કરો સાહેબ; હું દાન લેવા નથી આવ્યો. હું તો તમારી કળાનો ભક્ત છું, અને મારૂં આ મજબુત શરીર અને પ્રામાણિક હૃદય તમારી સેવામાં ધરવા આવ્યો છું.'

જુવાનની નમ્રતા અને મીઠાશ જોઇને ગટનબર્ગનું મન તેના તરફ આકર્ષાયું. તેણે પુછ્યું, 'ભાઇ, તારી ભાષા જોતાં તું જર્મન નથી લાગતો. ક્યાંનો છે? તારૂં નામ શું?'

જુવાન બોલ્યો, 'ખરૂં છે સાહેબ. મારી નસોમાં વહેતું લોહી અરધું જ જર્મન છે. મારી માતા ફ્રાન્સની છે. હું પારીસમાં જન્મ્યો હતો. મારૂં નામ ક્લૉડ.' અને તેણે ગળગળા થઇને ઉમેર્યું, 'સાહેબ, હું પ્રામાણિક માબાપનો પુત્ર છું. મારી સેવા સ્વીકારો; એકવાર ખાતરી કરી જુઓ.'

પોતાના કામમાં કંઇ પણ મદદ કરી શકે તેટલી બુદ્ધિ ગટનબર્ગને તેનામાં જણાઇ નહિ. પણ ભરણ-પોષણના સાધન વિનાના આ ગરીબ અને પ્રામાણિક જુવાન પર તેને દયા આવી અને તેણે એને રાખી લીધો.

આગળ જતાં તે જુવાન તેને બહુ મદદરૂપ થયો એટલું જ નહિ, પણ તેના મિત્ર જેવો બની રહ્યો. એક દિવસ તેણે ગટનબર્ગને પુછ્યું કે તમે આ બીબાંની શોધ પહેલવહેલી કેવી રીતે કરી?' જવાબમાં ગટનબર્ગે એને નીચે પ્રમાણે હકીકત કહી.

૪

"ભાઈ, આ દુનીઆમાં જે કંઇ ઉત્તમ, સુંદર અને સર્વોપયોગી કામ થાય છે તે એની મેળે, અચાનક થાય છે,—ઉગી આવે છે. તે ક્યારે અને કેમ થયું તે આપણે ચોક્કસ કહી નથી શકતા. આવો જ બનાવ આ મારી કળા વીશે પણ બન્યો છે.

આ મારી આંગળીએ અમારા કુટુંબના સીક્કાવાળી વીંટી જોઇ? નાનપણમાં કેટલી યે વાર રમતરમતમાં હું તેને મીણમાં દાબીને છાપ પાડ્યા કરતો. પણ ત્યાં સુધી મને કંઇ ભાન થયું નહિ. અચાનક, એક દિવસ મને સુઝી આવ્યું કે ચોપડીઓ છાપતી વેળા આખાં પાનાં કોતરવાને બદલે, છુટા છુટા અક્ષરો પણ આની પેઠે લાકડા કે પત્થરમાં ઉંધા કોતર્યા હોય તો તેને સવળા છાપી શકાય. બસ, તે દહાડાની મને એ ધુન લાગી.

એ વેળા હું દસ વર્ષનો હતો. મારાં માબાપ ખાનદાન કુળનાં અને પૈસાદાર હતાં. એક વખત અચાનક અમારા શહેરમાં ગરીબ અને તવંગર વચ્ચે મોટો ઝગડો થયો અને ભારે રમખાણ મચ્યું. પરિણામે ગરીબો જીત્યા અને તેમનાં ટોળાંઓએ બધા પૈસાદાર લોકોને ગામમાંથી નસાડી મુક્યા. અમારે પણ શહેર તજવું પડ્યું. અમે મેઇન્ઝ છોડી સ્ટ્રૅસબર્ગમાં જઇ વસ્યાં.

ત્યાર પછી અમે સ્ટ્રૅસબર્ગમાં રહેવા લાગ્યા. હું તો મારી ધુનમાં મસ્ત હતો. તે દરમ્યાન મેં શી શી મહેનતો લીધી, મને કેટલી મુશ્કેલીઓ નડી, મેં કરેલા કેટકેટલા પ્રયત્નો નિષ્ફળ ગયા એનો લાંબો વિસ્તાર કરવા બેસું તો તને કંટાળો આવે.

હું તો મારી ધુનમાં જ હતો. પણ અમે કંગાલ થઇ ગયાં હોવાથી મારે કંઇક ધંધો તો કરવો જ જોઇએ. મેં અરીસા બનાવીને વેચવાનું કામ શરૂ કર્યું, અને એમાંથી સારી કમાણી પણ કરી. પરંતુ એ બધું ધન મારી શોધના અખતરાઓ કરવા પાછળ જ ખરચાવા લાગ્યું, અને હું પાછો હતો તેવો કંગાલ બની ગયો.

ફરી પાછો હું અહીં મારી જન્મભૂમિ મેઇન્ઝમાં રહેવા આવ્યો. અહીં પણ શરૂઆતમાં પેટ ભરવા માટે થોડો સમય મેં અરીસા બનાવ્યા, પણ મારૂં મન એમાં

ચોંટયું નહિ, અને એ બધું પડતું મુકી ખાઇપીને મારી શોધ પાછળ મચ્યો. આખરે મેં થોડાં બીબાં બનાવ્યાં.

પણ અક્ષરો એકસરખા લીટીમાં ગોઠવું ને છાપવા જાઉં, તો કાં તો પડી જઇને બધા વીખરાઈ જાય, ને કાં તો ભાંગી જાય. એટલે મને મોટામાં મોટી મુશ્કેલી એ નડી કે એને સજ્જડ પકડી રાખવા માટે ઓજાર કેવું બનાવવું? બહુ બહુ વિચાર્યું પણ મને કંઇ જ સુઝ પડી નહિ.

એક દિવસ મારી દુકાનમાં બેઠાં બેઠાં હું આ વીશે વિચાર કરી રહ્યો હતો. મારી નિષ્ફળતાથી મને બહુ જ દુઃખ થતું હતું. ગાંડા માણસની પેઠે હું બહાર દોડયો અને ખેતરોમાં ખુલ્લી હવામાં આથડવા લાગ્યો. જ્યારે જ્યારે મને આમ દુઃખ થતું ત્યારે ત્યારે ફરવાથી જ મને આસાયેશ મળતી. ખેતરો પાકથી લચી રહ્યાં હતાં ને સૂર્ય સોળે કળાએ પ્રકાશતો હતો. ખરેખર, તે બહુ સુન્દર દિવસ હતો. જુવાન સ્ત્રી-પુરુષો ખેતરોમાં દ્રાક્ષ વીણતાં હતાં. આ બધું જોઇને મને લાગી આવ્યું. હું વિચાર કરવા લાગ્યો કે આ સૌ સુખી માણસોને જગતમાં સ્થાન છે; માત્ર હું જ નકામો છું કે કંઇ પણ કરી શકતો નથી. હું આમ વિચાર કરતો હતો, એટલામાં એક જુવાને મારા તરફ રસભરી દ્રાક્ષનો એક ઝુમખો ફેંક્યો. એ જોઈ મને લાગ્યું કે મારી આવી નિરાશાને માટે તે મને ઠપકો આપી રહ્યો છે. પ્રભુની સૃષ્ટિમાં સૌ સુન્દર છે, બધું ઉપયોગી છે. મારે નકામો શોચ કે બળાપો કર્યા વિનાં ઉમંગથી કામ કર્યે જવું જોઇએ. મારાં પડળ ખુલી ગયાં. મને ઉત્સાહનું પુર ચઢયું.

લાગલો જ હું મારી દુકાને દોડયો. રાત આખી મેં કામ કર્યું. હું જે શોધતો હતો તે મળી આવ્યું. સવાર પડતાં તો છાપખાનાનોં માચડો તૈયાર કરી નાખ્યો. હું એટલો તો આનંદમાં આવી ગયો કે 'શોધ્યું છે, શોધ્યું છે' એમ બુમો મારતો આમતેમ આંટા મારવા લાગ્યો.

પણ મારી ખરચી સાવ ખુટી ગઇ હતી. નવાં વધારે બીબાં બનાવવાના સામાન માટે, તથા તે બનતાં સુધી મારૂં પેટ ભરવા માટે મારી કને ફુટી બદામ પણ નહોતી. છેવટે જૉન ફસ્ટ નામના તવંગર પાસેથી, મારા છાપખાનાનો બધો સામાન બાંહેધરીમાં રખાવીને મેં એક મોટી રકમ ઉછીની લીધી ને કામ આરંભ્યું.

એવામાં શૅાફર નામનો એક માણસ મારે ત્યાં નોકર રહ્યો. અમે બંને લાકડાનાં બીબાં બનાવતા. પણ લાકડું બહુ પોચું હોવાને લીધે તે બીબાં ઘસાઇ જતાં. આથી શૅાફરે એક નવી યુક્તિ શોધી કાઢી. તેણે ધાતુ પર અક્ષર કોતરી તેની સવળી છાપ એક બીજી ધાતુમાં પાડી, અને પછી તેમાં પોચી ધાતુનો રસ રેડી તેનાં અવળાં બીબાં તૈયાર કર્યાં. તે વડે અમે બાઇબલ છાપવાનું શરૂ કર્યું. બરાબર દસ વર્ષની અથાગ મહેનત પછી પહેલવહેલું બાઇબલ લૅટિન ભાષામાં છાપીને અમે બહાર પાડયું.

પણ આ અરસામાં ફસ્ટ અને મારી વચ્ચે વાંધો પડયો. પોતે ઉછીના આપેલાં નાણાંની તેણે ઉઘરાણી કરી. મારી પાસેનું બધું ધન તો અખતરામાં ખરચાઈ ગયું હતું. કાયદાની રૂઇએ તે મારો બધો સરસામાન, બીબાં ને છાપખાનું ઉપાડી ગયો. શૅાફર પણ તેને ત્યાં જઇ રહ્યો. અને મેં તો, પાછી હતી તેવી જ કંગાલીઅતમાં મારે માટે નવાં બીબાં પાડવાં શરૂ કર્યાં.

પણ હવે મને નીરાંત છે કે એક નવી વસ્તુ જગત-ને આપવાની મારી જે ખાહેશ હતી તે પાર પડી છે, અને હવે હું શાન્તિથી મરીશ. મને શ્રદ્ધા છે કે આ શોધથી મેં જે મશાલ ચેતાવી છે તેની જ્યોત વખત જતાં એટલી પ્રકાશશે કે તે પોતાની અંદર બધું જ શમાવી દેશે."

૫

એક દિવસ રાત્રે ક્લૉડ અચાનક ઉંઘમાંથી જાગી ઉઠયો. તેણે જોયું કે તેનો વૃદ્ધ શેઠ ઉઠીને ક્યાંક બહાર જતો હતો. ગટનબર્ગ બહાર ગયા પછી ક્લૉડ પણ હળવેથી ઉઠીને તેની પાછળ ગયો. આકાશમાં મોડી રાતનો ચન્દ્ર ઉગતો હતો ને પ્રભુની અસંખ્ય આંખો જેવા તારાઓ ચમકી રહ્યા હતા.

થોડે દૂર ખુલ્લા મેદાનમાં જઈ ગટનબર્ગ પ્રાર્થના કરતો હોય તેમ ઘુંટણીએ પડયો ને આકાશ તરફ

-નજર કરી ગળગળે સાદે બોલ્યો, 'ઓ પરવરદિગાર! માણસજાત તરફ તારી કેટલી રહેમ, કે તેં એક કલ્યાણ-કર શોધ દુનીઆમાં ઉતારી છે! તે શોધવા મને પ્રેરી, મારી મારફત તેને જગતમાં ઉતારી, મારી પામર જાત-ને તેં ધન્ય બનાવી મુકી છે. ઓ કિરતાર! વખત જતાં તેનો વિકાસ થતો જાઓ, જગતનું તે અનેકગણું કલ્યાણ કરો અને મારૂં નામ આ દુનીઆમાંથી ભુલાઈ જાઓ.'

તરંગી




સવારે ઘડીઆળમાં દસના ટકોરા થાય છે ને હું નીશાળે જવા શેરી બહાર નીકળું છું,

ત્યારે મને રોજ એક ફેરીઓ બુમો મારતો સામો મળે છે, કે 'બંગડી લો બંગડી.'

નથી એને ક્યાંય જવાની ઉતાવળ હોતી, કે નથી હોતો એને જવાનો કોઇ એક મારગ; એને નથી કોઈ ઠેકાણે પહોંચવાનું હોતું, કે નથી હોતું એને વેળાસર ઘેર આવવાનું.

હું પણ એવો ફેરીઓ હોત, ને રસ્તે 'બંગડી લો બંગડી' કરતો મારા દિવસો ગાળતો હોત તો કેવું સારૂં?





સાંજે ચાર વાગ્યે હું નીશાળેથી પાછો વળું છું, ત્યારે રોજ પેલા ઘરના આંગણામાં માળીને જમીન ખોદતો જોઉં છું.

પોતાના પાવડા વડે એ ફાવે તેમ ખોદે છે, ને પોતાનાં કપડાં બધાં ધુળધુળ ભરી મુકે છે. એ તડકામાં ફરે કે વરસાદમાં ભીંજાય તો યે એને કોઇ ખીજવતું નથી.

હું યે એવો માળી હોત, ને બગીચામાં ફાવે તેમ ખોદ્યા કરતો હોત, ને મને કહેનારૂં કોઇ ન હોત તો કેવું સારૂં?

રાત્રે અંધારૂં થઇ જાય છે ને મારી બા મને સુવાડી દે છે,

ત્યારે ખુલ્લી બારીમાંથી રોજ મને ચોકીદાર આમતેમ ફરતો દેખાય છે.

શેરીમાં બધે સુનકાર ને અંધારૂં હોય છે, અને તેમાં, કપાળમાં એક મોટી લાલચોળ આંખવાળો રાક્ષસ ઉભો હોય એવું શેરીનું ફાનસ લાગે છે.

ચોકીદાર પોતાનું ફાનસ ઝુલાવતો જાય છે, ને પડખે પડખે એનો પડછાયો ચાલે છે. જીંદગીમાં એ કદિ સુતો તો નથી જ.

હું પણ મારૂં ફાનસ લઇને પડછાયાની પાછળ પાછળ ભમતો, ને આખી રાત શેરીઓમાં ફરતો એવો ચોકીદાર હોત તો કેવું સારૂં? *

'કાળીનો ઓ'

* રવિબાબુના અંગ્રેજી ઉપરથી

દીવાળી

દેવ-દનુજના પ્રબળ મથનથી
 સાગરમાં પ્રગટી કમલા;
અંગ ઝળકતી આભૂષણથી
 તેજોમય તનની ચપલા;
  એવી જ્વલંત ને ઉજમાળ:
  દીવાળી તો ઝાકઝમાળ.

સંક્રાંતિએ સંવત્સરથી
 મથ્યો સમયના સાગરને;
એમાંથી ઉપજીને એણે
 દીપાવ્યાં માનવ-ઘરને:
  સૌએ પ્રગટી દીપકમાળ:
  દીવાળી તો ઝાકઝમાળ.

અમાસના તિમિરાસુર હણવા
 ઝગમગતો જો રથ જોડી;
દીપક-અસ્ત્ર લઇને દેવી
 દીપાવલિ આવે દોડી!
  વિદ્યુત સરખા એના વાળ:
  દીવાળી તો ઝાકઝમાળ.

કુચે કચરે સાફ થયાં ઘર
 સહુને ઉર ઉમંગ બઢયો;
અંતરની જુની આશા પર
 નૌતમ નવલો રંગ ચઢયો;
  જીવનનો એ મધુર જુઆળ:
  દીવાળી તો ઝાકઝમાળ.

દીન જને ઘર લીપીગુંપી
 લક્ષ્મીનાં પગલાં પાડ્યાં;
તો ય નગુણી ત્યાં નવ આવી,
 શ્રીમંતનાં ઘર શોભાવ્યાં;
  ભભકાની ત્યાં મચી ધમાલ:
  દીવાળી તો ઝાકઝમાળ.

સ્વાગત કરવા નૂતન વર્ષનું
 સજ્જ થયાં સૌ નરનારી;
ખેસ દુપટ્ટા પટા પાઘડી,
 સાડી નવરંગી ધારી;
  ભોજન-વ્યંજન ભરીઆ થાળ
  દીવાળી તો ઝાકઝમાળ.

પચરંગી ધ્વજ તોરણ ફરકે
 માનવનાં મંગલ ઝીલી;
વસંતની વનવેલી સરખાં
 ચોટાંઓ ઉઠયાં ખીલી!
  ઘરઘર કુંકુમ અબીલ ગુલાલ:
  દીવાળી તો ઝાકઝમાળ.

લક્ષ્મી-શારદને સૌ પૂજે
 ભાવ ધરીને નરનારી;
પુરોહિત પહોળા થઈ ચાલે
 વિપ્રતણું ગૌરવ ધારી;
  ગાજે એના કંઠ વિશાળ:
  દીવાળી તો ઝાકઝમાળ.

ચંચળ પેલા ધનપતિની જો
 નાક બરાબર ફુંદ ચડી!
આળોટે ગાદીમાં જાણે
 મચ્ચે માંદણે ભેંશ પડી!
  ઝગઝગ થાતાં એનાં ભાલ:
  દીવાળી તો ઝાકઝમાળ.

ફુટે ફટાકા, છુટે હવાઈ,
 ગોળા ગગન ભડાકા કરે;
વિદા થતા જો સંવત્સરનો
 વરઘોડો ફુલેકું ફરે;
  વાગે વાજાં વિવિધ રસાળ:
  દીવાળી તો ઝાકઝમાળ.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

કથાઓ

યોસૂકુરા*

૧

તે યોસૂકુરા વૃક્ષની વાત સૌ કોઇ જાણે છે.

એક ગામને છેડે તે મોટું વૃક્ષ હતું. તેને જ્યારે ફુલ આવતાં ત્યારે એ લાલ ફુલની પાંદડીઓ પવનથી ઉડીને આખું ગામ છાઇ નાખતી. રસ્તા, ઘરો ને ઘાટ—બધું લાલ લાલ થઇ રહેતું.

તેની નીચે, એક નાના ખંડેરમાં ચાની દુકાન હતી. સવારે કામે જતી વખતે ગામના સૌ મજુરો ત્યાંથી એકએક પ્યાલો ચાનો પી લેતા.

દુકાનદાર ઘણો ગરીબ હતો. ચા વેચીને પોતાનું ગુજરાન ચલાવતો. ધીમે ધીમે તેની ઘરાકી વધવા લાગી. પછી તો દુકાન પરથી ઘરાક જ ખુટે નહિ. મળસ્કું થતાંથતાંમાં તો યોસૂકુરાની નીચે લોકો ભરાઇ જાય. તેની સ્ત્રી તથા નાની છોકરી બધાને ચા આપવા દોડાદોડ કરી મુકે. છતાં, એ બે જણ આટલી ઉતાવળ કરતાં પણ પહોંચી શકતાં નહિ. દુકાનદાર તો ફક્ત પૈસા લેવાનું જ કામ કરતો.

જોતજોતામાં દુકાનદાર પાસે પાંચ પૈસાનો જીવ થયો. પછી તો તેણે એ ખંડેર ભાગી ઘર બંધાવ્યું. લક્ષ્મી તેના ઘરમાં પગ બાંધી રહી.

સૌ કહેવા લાગ્યા કે આ યોસૂકુરાને લીધે તેનું ભાગ્ય ફર્યું. તે પોતે પણ એમ જ માનતો. જેના પ્રતાપથી તેના દુઃખના દિવસનો અંત આવ્યો તે વૃક્ષને તે દેવ પ્રમાણે પુજતો. તે તેના દુઃખનું સાથી હતું, તેથી તેના તરફ તેની એક ખાસ પ્રકારની મમતા બંધાઇ હતી. તે ઘણી મહેનત અને સંભાળપૂર્વક પોતાને હાથે જ તેની સેવા કરતો. પછી તો વૃક્ષને અડકવાનો પણ કોઇને હુકમ નહોતો.

તેના આ સૌભાગ્યની વાત દેશવિદેશમાં પ્રસરી ગઇ. દેશાન્તરથી લોકો તે વૃક્ષ જોવા આવવા લાગ્યા. સૌ એમ જ માનવા લાગ્યા કે જો કોઇના ઘરમાં આ વૃક્ષની એક ડાળ પણ આવે તો તેને ત્યાં લક્ષ્મી વાસ કરીને રહે.

૨

એક દિવસ બપોરની વખતે તે એકલો બેઠો હતો. તેવામાં એક માણસ તેની સામે આવી ઉભો રહ્યો. સૈનિકના વેશમાં તે સજ્જ થએલો હતો. કમ્મરે તલવાર લટકતી હતી. તેનો ચહેરો જોતાં જ, તેનામાં સહેજ પણ કોમળતા હશે એવું લાગે નહિ. સાક્ષાત્ યમરાજ! તેણે ખચકાઇને કહ્યું, 'યોસૂકુરા ઝાડ જોવા આવ્યો છું.'

તેને જોતાંવેંત જ દુકાનદારના મનમાં તેને વીશે બીલકુલ સારો અભિપ્રાય થયો ન હતો. અને પછી તેનો અવાજ તથા માગણી સાંભળીને તો તેનું અંગ સળગી ઉઠ્યું. તે બોલ્યો, 'જોવા આવ્યો છે તો જો બાપુ! ઝાડને કાંઇ અમે પેટીમાં તો નથી રાખતાને?'

તે માણસે કહ્યું, 'ઝાડ ફક્ત જોવા જ નથી આવ્યો;—એક ડાળ જોઇએ છે! મથીમથીને મરી ગયો, પણ આજ સુધી ઘરમાં એક કોડી સરખી યે લાવી શક્યો નથી. લોકો કહે છે કે આ યોસૂકુરાની એક ડાળ ઘરમાં રાખી હોય તો પૈસાની ખોટ જ ન રહે. મારે તેનું પારખું જોવું છે!'

દુકાનદાર બોલ્યો, 'તે કાંઇ બનશે નહિ, ભાઇ! આ ઝાડ હું કોઇને કાપવા દેતો નથી.'

તે માણસ સહેજ હસીને બોલ્યો, 'મને એવો ન ધારતા કે તમે મના કરશો એટલે જતો રહીશ. હું તો જે મારા મનપર લઉં છું તે પાર જ પાડું છું.'

* જાપાનના એક ઝાડનું નામ

દુકાનદારે કહ્યું, 'તે હશે; પણ અહીં તો તે બની શકશે નહિ.'

આ સાંભળતાંવેંત તે માણસનું અંગ ક્રોધથી થરથર કંપવા લાગ્યું. એક શબ્દ પણ બોલ્યા વિના તે ઝાડ પાસે ગયો અને તે કાપવા મ્યાનમાંથી તલવાર કાઢી.

દુકાનદાર પણ ત્યાં દોડી ગયો ને ગુસ્સાથી બોલ્યો,



'ખબરદાર!'

પણ તેના કહેવા ઉપર પેલાએ લક્ષ જ ન આપ્યું. તેણે તલવાર ઉગામી.

દુકાનદારથી આ દેખી ખમાયું નહિ. વીજળીવેગે દોડી તે ઝાડને બે હાથે બાઝી પડ્યો. તલવાર આવીને તેના અંગ ઉપર જ પડી.

૩

દુકાનદારના મૃત્યુ પછી ચાની દુકાન બંધ થઇ ગઇ. તેની સ્ત્રી તથા કન્યા દુઃખી થઇને ગામ તજી ચાલ્યાં ગયાં. ઘર ભાંગી ગયું. યોસ્કુરાનો વિશાળ છાંયડો સુનકાર થઇ ગયો. તે ઝાડ પણ જાણે દિવસે દિવસે સુકાવા લાગ્યું. તે સ્થળની આવી અવસ્થા જોઇ ગામના લોક આંખમાંથી આંસુ પાડી કહેતા, 'શું હતું ને શું થઇ ગયું!'

જે માણસને લીધે આવું થયું હતું તેની દુરવસ્થાનો તો આ બનાવ પછી પાર ન રહ્યો. તેની ગરીબી અનેકગણી વધી ગઇ. બે વખત મુઠી અન્ન પણ ન મળે. 'આણે ખુન કર્યું છે' એમ કહી ગામના લોકો તેને આંગળી ચીંધતા ને પોતાથી દૂર રાખતા. તેનું જીવન ભારરૂપ થઇ પડ્યું. લોકો કહેતા, 'યોસ્કુરા વૃક્ષ ઉપર હાથ ઉગામ્યો છે તે હવે શી રીતે જંપીને બેસી શકે?'

આ સાંભળી ક્રોધથી તે બોલતો, 'હવે તો હું એ યોસ્કુરાને જડમુળથી ઉખેડી નાખીશ!

તેને વૃદ્ધ પિતા હતો. તેણે કહ્યું, 'ના બાપુ, આપણે હવે એ કામ નથી કરવું; મારી ખાતર પણ કરીશ મા. નહિતો વળી કોણ જાણે શું થશે!'

પણ તેણે પિતાની વાત માની નહિ.

૪

રાત્રે તે યોસ્કુરા વૃક્ષ તળે ગયો. તે સ્થળે તે વેળા કોઇ ન હતું. ચોમેર ઘોર અંધકાર

હતો. ચારે દિશા ખાવા ધાતી હતી. તેના મનમાં થયું કે નિર્મુળ થતી વખતે ઝાડ ભયથી થરથર કંપે છે. તેને અતિ હર્ષ થયો. તે ખુબ જોરથી 'હા હા' કરતો હસી ઉઠયો. યોસ્કુરા વૃક્ષને પાંદડેપાંદડેથી જાણે તે વિકટ હાસ્યનો પ્રતિધ્વનિ થવા લાગ્યો !

એટલામાં તો તેણે સાંભળ્યું કે મનુષ્યના સ્વરે ઝાડ બોલે છે, ' માર મા,...મને માર મા. તેમ કરવાથી કદિ તારૂં ભલું નથી થવાનું.'

ઝાડને મનુષ્યને સ્વરે બોલતું સાંભળી તે ચમક્યો. તેના અંગમાં ઝણઝણાટ થઇ રહ્યો.

તે ન માનતાં તે બોલ્યો, ' ભલું થાઓ, ભુંડું થાઓ—આજ મારા હાથમાંથી તું બચવા પામીશ નહિ !'

વૃક્ષ ફરી બોલ્યું, 'હજુ પણ સમય છે. હજુ પણ પાછો ફર. નહિ તો તારી દુર્ગતિનો પાર રહેશે નહિ !'

આ સાંભળી તે ફરી એકવાર હસ્યો. ફરી તેના હાસ્યથી એવડું મોટું યોસ્કુરા વૃક્ષ કંપી ઉઠયું.

મ્યાનમાંથી તલવાર કાઢી તેણે વૃક્ષ પર ઘા કર્યો. મનુષ્યના સ્વરે વૃક્ષ કારમી ચીચીઆરી પાડી ઉઠયું. તે વખત તેનું કઠોર હૃદય પણ કોણ જાણે શાથી કંપી ઉઠયું.

યોસ્કુરાની ટોચ ઉપર તે વેળા ચંદ્રનો ઉદય થયો. તેના પ્રકાશમાં તેણે જોયું તો તેની તલવાર લોહીથી ખરડાએલી હતી. તેણે વિચાર્યું કે 'આ તો નવાઇની વાત ! આવું તો ક્યાંય દીઠું નહિ. વૃક્ષમાં મનુષ્યનું લોહી !'

એટલામાં ચંદ્રનો પ્રકાશ વધુ ઉજ્જવળ થયો, તો તેણે જોયું કે છેદાએલા મસ્તકવાળો એક મનુષ્યનો દેહ પડયો છે !

આ શું ? એ તો એનો વૃદ્ધ પિતા !

(બંગાળી ઉપરથી) **નરહરિ દ્વારકાદાસ પરીખ**

ગણિત-ગમ્મત

કોઇએ પોતાના મનમાં ધારેલી રકમ તમે કહી શકો.

કોઇ માણસને અમુક રકમ ધારવાનું કહો.

માનો કે તેણે ૭ ધાર્યા. પછી એને નીચે પ્રમાણે કહેતા જાઓ :

એને બેએ ગુણો	... ...	૧૪
એમાં ૪ ઉમેરો	... ...	૧૮
એને પાંચે ગુણો	... ...	૯૦
એમાં ૧૨ ઉમેરો	... ...	૧૦૨
એને દસે ગુણો	... ...	૧૦૨૦

પછી શી રકમ આવી તે જણાવવાનું કહો.

જે રકમ આવે તેમાંથી તમારા મનમાં ૩૨૦ બાદ કરો ... ...૧૦૨૦-૩૨૦=૭૦૦

હવે છેવટનાં બે મીંડાં કાઢી નાખો એટલે ધારેલી રકમ આવશે.

* * *

એક રાણી, તેની દીકરી અને દીકરાને એક ઉંચા મીનારાને મથાળે કેદી તરીકે પુરવામાં આવ્યાં હતાં. તેમનાં વજન અનુક્રમે ૧૯૫ શેર, ૧૦૫ શેર અને ૯૦ શેર હતાં. મીનારાની બારી આગળ એક ગરગડી હતી, અને તેના ઉપર થઇને એક દોરડું જતું હતું. દોરડાને બંને છેડે એકેક ટોપલી એવી રીતે બાંધેલી હતી કે જ્યારે એક ટોપલી જમીનને અડકે ત્યારે બીજી ટોપલી બારીની પાસે આવી રહે. કહેવાની જરૂર નથી કે બે ટોપલીમાંથી જેમાં વધારે ભાર મુકયો હોય તે નીચે ઉતરે, અને જેમાં ઓછો મુકયો હોય તે ઉંચે ચઢે. પણ જો બંને ટોપલી માંહેના ભારનો તફાવત ૧૫ શેર કરતાં વધારે હોય, તો ગતિ એટલી વધી પડતી કે બેસનાર જોખમમાં આવી પડે. વળી દોરડાની સ્થિતિ જોતાં આ ગતિને હાથથી પણ અટકાવી શકાય એમ નહોતું. આ ઉપરાંત મીનારાની અંદર તેમની પાસે એક જ સાધન હતું:—૭૫ શેર વજનનો એક તોપનો ગોળો. આમ છતાં તે ત્રણે નાસી છુટયાં. તો તે કેમ બન્યું ?

સુંદર અક્ષરો લખવાની કળા અથવા સુલેખન

ચીતરવાનું કામ કદાચ બધાંને ન આવડે, પણ સારા અક્ષર લખવાનું તો કોઇ પણ માણુસ ધારે તો કરી શકે. જુના વખતમાં તો સારા અક્ષરોનું ચીતરામણુ આવડે એ તો ચિત્રકળાનું એક અગત્યનું અંગ આવડયું ગણાતું. એ કાળમાં અક્ષરો લખનાર લહીઆ કારીગરોમાં ખપતા. અત્યારે પણ એ લહીઆઓના હાથના અક્ષરોના નમુના જોઇએ છીએ ત્યારે તેની છટા, શોભા અને સુંદર વળાંકા જોઇ તાજુબ થઇ જઇએ છીએ.

તમને તમારા ઘરમાં સુંદર ને પ્રેરક વાકયો, સરસ શ્લોકો, કે જીવનમંત્રોની તકતીઓ લખીને ચોડવાનો શોખ થાય; તમારા ઘરને બારણે તમારૂં નામ લખવાની જરૂર પડે; કોઇ વખત ઉત્સવમાં કે મંગળ પ્રસંગે મંડપની શોભા માટે મોટા અક્ષરો કાગળમાં કોતરવા પડે; ત્યારે સારા અક્ષરો લખવાની કળાની જરૂરીઆત સમજાઈ હોવી જોઇએ.

તમારાં પુસ્તકોનાં પુંઠાં ઉપર કે તમારા સામાન ઉપર તમે સફાઇદાર, સ્વચ્છ, આકર્ષક અક્ષરો લખી શકો તો તમને તે ચીજો શોધી કાઢતાં બહુ સરળતા થાય. તમારા સામાન પર તમે સ્વચ્છ અક્ષરો લખી રાખ્યા હોય તો મુસાફરીમાં કોઈ પણ માણુસ તે જલદી ઓળખી શોધી આપે. આ અને આવી અનેક રીતે સારા અક્ષરો લખવાનું કામ શોભા અને સગવડ ખાતર બહુ ઉપયોગી થઇ પડે છે. અને તે તમે બહુ જ થોડી મહેનતે શીખી શકો.

શરૂઆતમાં તો તમે અરધા ફુલસ્કેપના માપની જાડા કાગળોની એક ચોપડી બાંધો. વીસપચીસ પાનાં બસ છે. પછી તેમાં ચારપાંચ પાનાં પર પાછળ નમુનો બતાવ્યા પ્રમાણે લીટીઓ આંકી ચોરસ ખાનાં પાડી નાખો. આ રીતે ગમે તે માપના અક્ષરો લખવા માટે આટલી પહેલી તૈયારી કરી લો.

અક્ષરનું માપ ત્રણ ઇંચથી વધારે મોટું ન રાખતા. લીટીઓ બરોબર સરખે અંતરે અંકાય અને ખાનાં બધાં એકસરખાં ચોરસ રહે તેની ખાસ કાળજી રાખજો. પહેલેથી ચોક્કસ અંતરે બિન્દુઓ મુકી જશો તો આંકતી વેળા ભુલ નહિ થવા પામે.

પહેલાં તો ઉભા કાનાનો વળાંકો બરોબર સમજી લો. તેના રૂપમાં ફેરફાર ન થાય તે માટે ખાસ સાવચેતી રાખજો. જ્યાં જ્યાં કીત્તો વળે ત્યાં ત્યાં જે કાપ પડે છે તે બધા કાપ એકસરખે ખુણે જ કપાતા રાખવા જોઇએ. તેમાં ભુલ થાય તો કાનો બેડોળ લાગે. કાનો કરતાં જે ભુલો થવાનો સંભવ છે તે પ્રથમથી જ જાણી લો, અને તમારા કામમાં એવી ભુલો ન થવા દેવાની કાળજી રાખો.


કાના પછી વળાંકાવાળાં પાંખડાં હાથે બેસાડો. પાંખડાંમાં જ્યાં જ્યાં ઉભી રેખાઓ આવે છે ત્યાં ત્યાં બધે તેનું સીધાપણું બરોબર જળવાય છે કે નહિ એ દરેક વખતે ખાસ ધ્યાન રાખીને તપાસતા રહો.

ત્યાર પછી વધારે અઘરા વળાંકો લો. આ વળાંકો કરતાં આંકેલાં ખાનાં તરફ બરોબર ધ્યાન આપજો, અને દરેક ખાનામાં દરેક લીટી કેટલી કમાન કરે છે તે પર ચોક્કસ ધ્યાન આપી બરોબર અનુકરણ કરજો.

'ગ' 'ર' 'ચ' 'સ' 'શ' 'ક્ષ' આ અક્ષરોનો પાકો અભ્યાસ કરી લો. પછી તેથી ઉલટા વળાંકાવાળા અક્ષરો 'દ' 'છ' 'ઘ' 'ધ' 'ય' 'વ' વગેરે ઉપર ધ્યાન આપો.

સૌથી વધારે અઘરા, છતાં સુંદર અને છટાદાર વળાંકો હાથે બેસાડતાં તમને જરા વખત લાગશે. પણ આ પદ્ધતિને વળગી રહી તમે તે અક્ષરો પાકા યાદ કરી લેશો તો જરૂર સફળ થશો.

આ રીતે માપસર દરેક અક્ષર નમુના પ્રમાણે તમે કરી શકો છો એમ લાગે એટલે નીચે પ્રમાણે થોડી તૈયારી કરી એક સારો કીત્તો લઇ તે વડે



લગભગ એ ઇંચના માપના અક્ષરો છુટે હાથે લખો.

આમ મુળાક્ષરના બધા અક્ષરો—આખો કક્કો—અને તેના જુદા જુદા કાપ તમને યાદ રહી જાય તો જાણો કે તમે ઘણા આગળ વધી ગયા છો.

હવે તમે મોટા મોટા અક્ષરો કરવાની શરૂઆત કરો. તે માટે ઘરમાં એકાદ મોટા પાટીઆ ઉપર હલકા કાગળો ચોડી, તે પર પોચી પેન્સિલથી લખવાની તાલીમ લો.


પહેલાં ફુટપટીથી ત્રણ લીટીઓ આંકી સામે બતાવ્યા મુજબ છુટે હાથે અક્ષરો લખો. પોચી પેન્સિલને બદલે રંગીન ચાક મળે તો વધારે સારૂં.

દરેક કાનો બરોબર ઉભો જ થવો જોઇએ; દરેક વળાકો જોસદાર કમાન કરતો હોવો જ જોઇએ; દરેક કાપો બીજા કાપાઓને મળતા ખુણાનો જ થવો જોઇએ; દરેક અક્ષરની જાડાઈ એકબીજાને મળતી એકસરખી જ રહેવી જોઇએ;—આટલી બાબતો ભુલાય નહિ તેની ખાસ કાળજી લેજો.


છુટે હાથે અક્ષરો લખો તે પહેલાં આ પ્રમાણે નીશાનીઓ કરી, પછી પાકી જાડી લીટી દોરવી.

તમને લાગે કે હવે તમે કોઇ પણ અક્ષર સહેલાઇથી ખેંચી શકો છો ત્યારે તમે નાનાં વાક્યો કે સૂત્રો લખવાનું શરૂ કરો. તેમાં પણ પદ્ધતિ ન વીસારતા: ‘ત્રણ લીટીઓ કરવી; દરેક કાનો સીધો ઉભો રાખવો; દરેક વળાકો થાટીલી કમાનદાર કરવો; બધા કાપા એકસરખા લાવવા; બધા અક્ષરોની જાડાઇ એકસરખી રાખવી.’ કાનો સીધો ઉભો કરવા માટે ફુટપટી કે કાટખુણાથી નીશાનીઓ કરી લેવી.


જે વાક્ય કે સૂત્ર લખવું હોય તે, પહેલાં તો, એક હલકા કાગળ પર સારૂં લખી જાઓ. પછી કારબન કાગળની મદદથી, અથવા એ કાગળની પાછળ પેન્સિલનો કે રંગીન ચાકનો ભુકો ભુંસીને, તે કાગળ બીજા કાગળ પર રાખી, પેન્સિલ વડે ઘુંટીને તેની રેખાઓ ઉતારી લો; અને સ્વચ્છ રેખામાં



આવી રીતે માત્ર ત્રણ જ રેખાઓ આંકીને દરેક અક્ષરનું પ્રમાણ 'કમ્પાસ'થી મૂકી બધા અક્ષરો એક બે વાર પૂરા કરી જાઓ; અને પછી કાળાં પાટીયાં ઉપર કે મોટા કાગળો ઉપર ચાક અથવા કોલસાથી ચાર કે છ ઇંચના માપના અક્ષરો <u>છૂટે હાથે દોરવા માંડો</u>. દરેક અક્ષરનો વળાંકો નમુના પ્રમાણે શુદ્ધ રાખો. દરેક અક્ષરના કાપ એક સરખાજ હળતા રાખો. દરેક અક્ષરની જોડાઈ એક બીજાને મળતીજ રાખો. છૂટે હાથે અક્ષરો લખતાં નીચેની ભૂલો ન થાય તે સંભાળજો. ઘણા અને દોરતાં તેની છટા, સીધાઈ અને મરોડ જાળવતાં નથી. ક્ષ જેવાં અક્ષરોના વળાકામાં તેનો રૂવાબ અને વેગ ન હોયતો કદરૂપ દેખાય.









સુલેખન માટે થોડાક નમૂના.

તે ફરી ઉપાડો. હવે, આ રીતે તૈયાર થએલા અક્ષરમાં તમે કોઇ પણ જાતની ઘેરી શાહી કે રંગ ભરશો ત્યારે તમને તમારા કામથી અનહદ આનંદ થશે.

વળાકાઓ અને કાપાનો ખ્યાલ જો તમને બરોબર રહ્યો હશે તો ફીત્તાં વડે છુટે હાથે પણ તમે કારીગર લહીઆ જેવા જ અક્ષરો લખી શકશો. નાનાં લેબલો, ચોપડીનાં પુંઠાં ઉપરનાં નામો, સુચનાઓ વગેરે લખવામાં ફીત્તાની જરૂર પડવાની જ; એટલે ફીત્તે લખતાં શીખી જવું જરૂરનું છે.

અક્ષરો કાઢતાં આવડી ગયાની ખાતરી થઇ ગયા પછી, તેમાં રંગ ભરવાનું શીખવા માંડવું. રંગ ભરવા સારૂ પીછીની મદદ બહુ કામની છે. તે માટે 'સેબલ'ના વાળની સારી નં ૧ ની તથા નં. ૫ ની પીછીઓ લઇ રાખવી. પીછીથી રંગ ભરતાં શીખતાં થોડો વખત મુશ્કેલી પડશે, પણ ફાવી ગયા પછી તો તેના જેવી સરળતા તમને બીજા કોઈ સાધનમાં નહિ જણાય.

પીછીનો મહાવરો જારી રાખ્યા પછી તો પેન્સિલની નીશાનીઓ કર્યા વિના પરભાર્યા જ પીછીથી સુંદર અક્ષરો કાઢી શકશો. અને બધા વળાકા પર તમારા હાથનો કાબુ જામ્યો હશે તો તો એ અક્ષરોના મરોડમાં તમે અવનવા સુંદર ફેરફારો કરીને તેમાં વધુ સુંદરતા લાવી શકશો. તે માટે થોડા નમુના આપ્યા છે તે જોશો તો સમજાશે.

તમે સારાં વાક્યો કે સૂત્રો લખો તેની ચારે બાજુ જાડીપાતળી લીટીઓ, વેલપટ્ટીઓ, બુટ્ટાઓ, કે સુંદર ખુણીઆ મુકીને તેની શોભા વધારી શકો.

આવા શોભાશણગાર કે વેલબુટ્ટાઓ તમને પોતાને ચીતરતાં કે ઉપજાવી કાઢતાં ન આવડતાં હોય તો ક્યાંક એના સારા નમુના જુઓ તેમાંથી પસંદ કરીને પણ તેનો ઉપયોગ કરી લેવો. એમાં કશો વાંધો નથી. એવા નમુનાઓ ઉપર સોંસરૂં દેખાય તેવો પાતળો કાગળ મુકી, ટ્રેસ કરી લો અને પછી તમારા ઉપયોગમાં લઈ લો.

કોઇકોઇવાર સુચના કે દિશા બતાવવા સારૂ હાથ કે એવી આકૃતિઓ ને નીશાનો મુકાય છે. તે કેમ દોરવાં એ પણ આ સાથે બતાવ્યું છે.

[અક્ષરોમાં વિવિધ સુંદરતા કેમ લાવવી, જુદાં જુદાં તેલ વારનીશોનો ઉપયોગ કેમ કરવો, તથા ધાતુ, પાટીઆં કે કપડાં ઉપર લખતાં પહેલાં કેવાં અસ્તર લગાડવાં, તે કોઈ બીજે પ્રસંગે બતાવાશે.]



વજીર—(નવાબને) ગઈ કાલે મુંબાઇ યુનિવર્સિટીની બી. એ. ની પરીક્ષાનું પરિણામ આવી ગયું.

નવાબસાહેબ—આપણી કૉલેજના છોકરાઓ પણ મુંબાઇ ગયા હતા ને? એમાંથી કેટલા પાસ થયા?

વજીર—આપણા વીસમાંથી પંદર પાસ થયા. એટલે બીજી કૉલેજ કરતાં પરિણામ તો સારૂં આવ્યું; પણ—

નવાબ—કેમ પણ? આપણા વિદ્યાર્થીઓને કંઇ અન્યાય થયો કે શું?

વજીર—જી ના, ગરીબપરવર; એવું તો કંઇ નહિ. પણ એલ્ફિન્સ્ટન કૉલેજના પાંચ વિદ્યાર્થીઓ ફર્સ્ટ ક્લાસમાં આવ્યા અને આઠ સેકન્ડ ક્લાસમાં આવ્યા. વિલ્સન કૉલેજના પણ ફર્સ્ટ અને સેકન્ડમાં આવ્યા. ફક્ત આપણા જ બધાય વિદ્યાર્થીઓ થર્ડ ક્લાસમાં આવ્યા.

નવાબ—અરે, તમે એમ કેમ બનવા દીધું? મુંબાઇની કૉલેજોવાળા બધા તવંગર એટલે ફર્સ્ટ સેકન્ડમાં આવે, અને આપણા વિદ્યાર્થીઓ શું ગરીબ છે કે થર્ડ ક્લાસમાં બેસીને આવે? તમે ક્યાં ઉંઘતા હતા? આપણું સલુન કેમ સામું ન મોકલ્યું? મુંબાઇવાળા ફર્સ્ટ સેકન્ડમાં આવે તો આપણા સલુનમાં કેમ ન આવે?

*

કોઇ ગામડાનો માણસ પહેલી જ વાર શહેરમાં આવેલો. તે ટપાલ ઑફિસે કાગળ નાખવા ગયો. પેટીમાં કાગળ નાખ્યા પછી થોડી વાર કંઇ વિચાર કરતો ઉભો રહ્યો. પછી ટપાલ ઑફિસના "પુછપરછ"વાળા પાટીઆ આગળ જઇ ત્યાં બેઠેલા માણસને પુછ્યું, 'માસ્તર, મેં હમણાં કાગળ નાખ્યો તે કેટલેક પહોંચ્યો હશે?'



કિરીટ

લેખક
શ્રી ધનગોપાલ
ચિત્રકાર: રવિશંકર પંડિત

એકાએક સઘળે શાન્તિ છવાઈ ગઈ, અને થોડી જ વારમાં કોણ જાણે ક્યાંથી, વાદળનાં ઘમસાણ જેવું હાથીઓનું એક મોટું ટોળું શાન્તિથી ધીમે ધીમે ચાલ્યું આવતું જણાયું. સઘળે અંધારૂંઘોર હતું.

કિરીટે મને કહ્યું, ' ઝાડ ઉપર ચડી જા. આજની રાત તારે મને છુટો રહેવા દેવો પડશે. '

સ્વપ્નમાં કે ઉંઘમાં–કોણ જાણે કેમ–હું કિરીટના કહેવા મુજબ ઝાડે ચડી ગયો. કિરીટે ત્યાં ઉભા રહીને પડકાર કર્યો એટલે હાથીઓનું પેલું આખું ટોળું ઉભું રહી ગયું. તેઓ અંદરઅંદર જે કંઇ બોલતા હતા તે હું સમજી શકતો હતો. કિરીટને જોઇને એક જુવાન દેખાતા હાથીએ તેના સામે જોઇ હસીને કહ્યું, 'જોયા આ ભાઇસાહેબ ? એના પગમાં સાંકળનો ડાઘ છે. માણસની ગુલામીની એ નીશાની છે. '

કિરીટે પોતાની સુંઢ ઉંચી કરી ત્રાડ મારી, અને તેમનો એ લવારો શાન્ત કર્યો. પછી તે બોલ્યો, ' આજે હું તમારામાંની એક હાથણી પસંદ કરી લેવાનો છું. તમારામાંથી કોને મારા બળની પરીક્ષા કરવી છે ? ચાલ્યા આવો. '

એક જુવાનડો બોલ્યો, ' તારી ઉમર કેટલી ? '

' મરદની ઉમર ન પુછાય; ' કિરીટે જવાબ આપ્યો, ' તમારામાંથી ગમે તે સામો આવે. '

એ ટોળાના મુખી જેવા જણાતા એક હાથીએ ગંભીરપણે ડોકું ધુણાવી કહ્યું, ' અમારામાંના નાનામાં નાના પણ એવા છે કે જેમણે ભલભલા વિકરાળ વાઘોને પણ નમાવ્યા છે; કેટલાક નાનેરાઓએ મોટી ટેકરીઓના ફુરચેફુરચા ઉડાડી મુકયા છે; કેટલાકોએ જંગલોનાં જંગલો પોતાની સુંઢના સપાટે જડમુળથી ઉખેડી નાખ્યાં છે. માટે, ઓ માણસજાતના ગુલામ, જરા અભિમાન છોડી નરમાશથી વાત કર. અમારા જેવા જંગલવાસીઓમાંથી હાથણી જીતી જવી એ તારી ગુંજાશ નથી. '

કિરીટ ત્રાડ મારીને બોલ્યો, ' તમારી મરજી પડે તેને સામો લડવા મોકલો. મારે કબુલ છે. '

તરતજ નાનકડી ફુટતી આવતી દંતુડીઓવાળો એક જુવાન હાથી ટોળામાંથી બહાર નીકળી સામો આવી ઉભો અને ત્રાડ મારી. કિરીટ ટટ્ટાર થયો. મેં તેના આખા શરીરમાંથી રોમાંચનો એક કંપ પસાર થતો

જોયો. મેં ધીમેથી કહ્યું, 'જોજે પાછો હઠતો!'

તેણે પોતાની સુંઢ ઉંચી કરી મારા તરફ ઇશારો કર્યો, અને પછી તરત પોતાના સામાવાળીઆ પર તુટી પડયો. થોડીવારમાં એક નાનકડી સુંદર હાથણી ટોળા-માંથી બહાર નીકળી જરા દૂર જઇને ઉભી રહી. તે ઉપરથી મેં જાણ્યું કે તે જ આ દ્વંદ્વયુદ્ધમાં જીતનારને વરવાની હશે.

એ મોટા ખડકો એકબીજા સાથે અથડાતા હોય તેમ એ બે હાથીઓ સામસામા હુમલા કરતા હતા. કિરીટના દંતુશળ બરોબર ઘા કરી શકે એટલા લાંબા હજુ થયા નહોતા. તેથી તેને સામાવાળીઆના દાંત-ના ઘાથી પોતાનું રક્ષણ કરવાને બહુ જ સાવચેત રહેવું પડતું. એટલામાં તો એ બે હાથીઓએ સુંઢોના આંકડા ભીડી ચકરચકર કુદડી ફરવા માંડી. કોઈ મોટો ડુંગર ભમરડાની પેઠે ગોળ ફરતો હોય એવું એ લાગતું હતું. અચાનક તેઓ અટક્યા, અને કિરીટ પોતાના આગલા પગ ઉંચા લઈ પાછલે પગે ઉભો થયો. એ જ ઘડીએ પેલો જંગલી હાથી પોતાની સુંઢ છોડવી નાખી કિરીટની સુંઢ પર દંતુશળનો ઘા કરવા ધસ્યો. પણ કિરીટે સમયસૂચકતા વાપરી પોતાના માથા વડે તેને એવી તો ટક્કર મારી કે તે પાછો ધકેલાયો, અને વચમાં આવેલા એક ઝાડ સાથે અફળાવાથી પડતો પડતો બચી ગયો. હાથીઓની લડાઇમાં એવું હોય છે કે જે પડયો તે હાર્યો.

કિરીટે ધાર્યું કે પોતાનો હરીફ પડયો. એટલે તે તો જીતના વિચારથી આનંદ પામતો ઉભો હતો. તે આમ ગાફેલ હતો એટલામાં પેલા જંગલી હાથીએ સાવચેતીથી પોતાનું શરીર સંભાળી લઇ ફરી હુમલો કર્યો. આ ઓચીંતું શું બન્યું તેનો કિરીટ વિચાર કરે તે પહેલાં તો દુશ્મનના દંતુશળ તેની ગરદનમાં પેસી ગયા. એક કારમી ચીસ પાડી કિરીટ પાછો હઠયો, અને પોતાની ગરદન સામાના દંતુશળમાંથી ખેંચી કાઢી. તેના શરીરમાંથી એક ભારે થથરાટી પસાર થતી મેં જોઇ. હાથીનું ટોળું આનંદથી કીકીઆરી કરી ઉઠયું, અને તેઓ અંદરઅંદર કહેવા લાગ્યા કે 'આપણે જીત્યા છીએ.'

પણ તરત કિરીટે ગોળ કુંડાળું ફરવા માંડયું. સામાવાળાએ પણ તેમ કરવા માંડયું, અને પાછા તેઓ સામસામા આવ્યા. આ વખતે આકાશ મેઘથી છવાઇ રહ્યું હતું અને વાદળનાં શિખરો ઉપર વીજળીની તીણી જીભો લબકારા કરી રહી હતી. આ દ્વંદ્વયુદ્ધ કરતા હાથીઓની ત્રાડોમાં મેઘગર્જના તો ક્યાંયે સમાઇ જતી હતી.

વળી પાછા બંને હાથીઓએ સુંઢોના આંકડા ભીડી જોરથી કુદડી ફરવા માંડી. ઓચીંતી કિરીટે પોતાની સુંઢ મુકી દીધી અને પોતે સ્થિર ઉભો રહી ગયો. તેનો હરીફ તો હજી કુદડી જ ફર્યા કરતો હતો. લાગ જોઈ કિરીટે તેના પડખામાં એવા તો જોરથી માથાની ઢીક મારી કે તે ગોથું ખાઇ નીચે પડયો. જેવો તે ઉભો થવા જતો હતો તેવો જ કિરીટે દોડી જઇ પોતાના આગલા પગ વડે તેને દબાવી દીધો. હાથીઓના આખા ટોળામાં આશ્ચર્ય અને વખાણના અવાજો થઇ રહ્યા. વૃદ્ધ મુખી હાથી બોલ્યો, 'થયું; તું જીત્યો છે.' તરત કિરીટ ખસી ગયો. ટોળું એને રસ્તે પડયું. હારેલો હાથી ક્યાં ગયો તે જણાયું જ નહિ.

પેલી હાથણી જે અત્યાર સુધી દૂર ઉભી ઉભી લડાઇના પરિણામની વાટ જોતી હતી, તે હવે કિરીટની પાસે આવી. એટલામાં તો પાસેના ઝાડ પર એક મોટા ભયાનક કડાકા સાથે વીજળી પડી. આખું જંગલ તેના ઘોર અવાજથી ગાજી ઉઠયું, અને બીજી જ પળે મુશળધાર વરસાદ તુટી પડયો. હું તો ઝાડની જે ડાળ પર બેઠો હતો તેને આંધળીઆં કરીને જોરથી વળગી જ પડયો, કારણકે વરસાદ એટલો જોસબંધ પડતો હતો કે સ્થિર રહેવું મહામુશ્કેલ હતું.

આમ કેટલી ઘડી વરસાદ વરસ્યા કર્યો હશે તેનું મને ભાન ન રહ્યું. પણ મેં આંખ ઉઘાડી ઉંચું જોયું ત્યારે આકાશમાં થોડું થોડું અજવાળું જણાયું. હજી પણ મોટાં મોટાં ફોરાં તો પડતાં જ હતાં. પણ થોડી વારે તપાસ કરતાં જણાયું કે એ તો ઝાડનાં ભીંજાએલાં પાંદડાં પરથી પાણી ટપકતું હતું. વરસાદ તો રહી ગયો હતો. પણ હજી નીચે ઉતરવાની મારી હિમ્મત ન ચાલી.


નાનકડી નાર ને નાકમાં મોતી,
પિયુ પરદેશ ને વાટડી જોતી;
ઉડાડતી કાગ ને ગણતી દહાડા
એ એંધાણીએ નાગરવાડા
નાના મહારાજ ને મોટું ટીલું,
પાઘડી ઢીલી ને મોઢું વ્હીલું;
ટુંકી પોતડી ને તુલસીક્યારો
એ એંધાણીએ બ્રાહ્મણવાડો.
નાજુક નારી ને
ઘરેણાં ભારી,
કાલીઘેલી ને
ચાલ લટકાળી;
પાઘડી મોટી ને
શેઠજી જાડા,
એ એંધાણીએ
વાણીઆવાડા.
હાથમાં હોકો ને
કરે ખોંખારા,
મુછડી વાંકી ને
વાળ રૂપાળા;
બાંધેલ ઘોડી ને
પગમાં તોડો,
એ એંધાણીએ
રજપુતવાડો
પાંચ વાડા
ઝાંઝેરી ભેંશો ને બળદ ધોરી
ઝુંગડાં જાડાં ને ઘાસના ભારા,
બાળક રડે ને પાડે બરાડા,
એ એંધાણીએ કણબીવાડા.

પ્રાણીઓ પોતાનું રક્ષણ શાવડે કરે છે?



વાઘ પોતાના પંજા વડે	દરિયાઈ ઘોડો પોતાનાં દંતુશળ વડે	સાબર પોતાનાં શીંગડાં વડે	હાથી પોતાના પગ વડે	ગેંડો પોતાના શીંગડા વડે



સાપ પોતાના દાંત વડે	'સ્ટિંગ રે' માછલી પોતાની પુંછડી વડે	કુકડા પોતાના 'ખુર' -પગનાં નખ- વડે	'કટલ' માછલી મોંમાંથી શાહી જેવો પદાર્થ કાઢીને	ઉંટ પોતાના મોં વડે



ઘોડો પોતાના પગ વડે	કુતરો પોતાના મોં વડે	કરવતીઆ માછલી પોતાના કરવત જેવા મોં વડે	શાહમૃગ પોતાના મોં વડે	અજગર ભરડો લઈને



શાહુડી પોતાનાં સાળોળાઓં વડે	ગરુડ પોતાના નહોર વડે	તરવારીઆ માછલા પોતાના તરવાર જેવા મોં વડે	રાજહંસ પોતાની પાંખો વડે	શેળો પોતાના કાંટા વડે



આઠપગું મૂઠ પોતાના પગ વડે	મધમાખ પોતાના ડંખ વડે	પોપટ પોતાની ચાંચ વડે	ઇયળ પોતાના દેખાવથી જ	કરચલો પોતાના નહોર વડે

My Magazine

પોતાની જાતનું રક્ષણ કરવાની પ્રેરણા તો દરેક પ્રાણીમાં હોય છે. અને ઈશ્વરે તેમને દરેકને તે માટે સાધનો પણ આપેલાં છે. જોકે ઘણીવાર એવું બને છે કે પોતાના કરતાં વધારે બળવાન દુશ્મનથી ડરીને તે સંતાઇ કે નાસી જાય છે; પરંતુ જ્યારે નાસવાનો કે સંતાવાનો માર્ગ નથી મળતો ત્યારે ઘણાંખરાં હિમ્મતથી સામે થઈને પોતાને ઈશ્વરે આપેલાં સાધનો વડે પોતાનું રક્ષણ કરે છે. એ સાધનો ક્યાં તે ચિત્ર બનાવ્યાં છે.



એકાએક, પહેલાં કોઈ પ્રાણીની ચીસ, પછી વાઘની ત્રાડ અને તરત એક મોટો ભફાકો સંભળાયાં. મેં જાણ્યું કે વાઘ શીકાર પર પડયો. તમને કદાચ નહિ ખબર હોય, કે વાઘની ત્રાડો જુદી જુદી જાતની હોય છે. તે ભુખ્યો ડાંસ જેવો થઇ શીકારની શોધમાં જંગલમાં ચોમેર ભમતો હોય છે ત્યારે ગુસ્સાની વિકરાળ ત્રાડ પાડે છે; જ્યારે શીકાર તેના હાથમાં આવવાનો હોય છે ત્યારે આનંદથી ત્રાડ પાડે છે; એ ત્રાડ સાંભળતાં જ શીકાર અધમુઓ થઈ જાય છે. શીકાર ખાઇ રહ્યા પછી તે ધરાય છે ત્યારે ધીરૂંધીરૂં ઘુરકે છે.

થોડી વારમાં પ્હો ફાટયો. મેં કિરીટને ઝાડ નીચે શાન્તિથી ઉભેલો જોયો. નીચે ઉતરીને મેં તેના શરીર પર હાથ ફેરવી તપાસી જોયું કે

ચંદ્ર આથમી ગયો હતો અને જંગલમાંથી જુદાં જુદાં પ્રાણીઓના અવાજ સંભળાતા હતા. થોડી વારમાં તો ઝાડ નીચે પ્રાણીઓની હલચલ સંભળાવા લાગી. ઝાડ પર બેઠેલાં વાંદરાં પોતાનાં ડીલ પરથી પાણી ખંખેરી રહ્યાં હતાં, અને નીચે કોઇ પશુનાં ભારે પગલાં સંભળાતાં હતાં. પણ અચાનક બધું શાન્ત થઇ ગયું, અને નીચેના ઘાસમાં વાઘના ચટાપટા જેવા વળાંકાવાળી હીલચાલ થતી જણાઇ.

રાતની લડાઇના કંઇ ઘા તેના પર હતા કે કેમ? પણ વરસાદમાં બધું ધોવાઇ ગયું હશે તેથી કંઇ જણાયું નહિ.

કિરીટ પર સવાર થઇ નદી પાર કરી હું પાછો સામે કાંઠે ગયો. ત્યાં ઝાડ પર કપિ રાતના વરસાદથી પલળેલો હુંઠવાઇને બેઠો હતો. અમને જોતાંવેંત તે નીચે કુદી આવી મારે ખભે બેસી ગયો. થોડી જ વારમાં સૂર્યોદય થયો. અમે અમારે રસ્તે પડયા; અને રસ્તામાં બીજી કશી મુશીબત વેઠયા સીવાય સલામત ઘેર પહોંચ્યા.



સ્કાઉટ્સ અથવા કુમારસેના

'સ્કાઉટ' એટલે કુમાર

કોઈ વાર્તામાં આવતો રાજકુમાર તમને સાંભરે છે? કોઈ તેમના દુશ્મન હોય તે જઇને રાજાને ઉંધું-ચતું સમજાવે અને તેને દેશવટો અપાવે. રાજા તેનું મોં પણ જુવે નહિ, અને કાળો ઘોડો તથા કાળો પોશાક મોકલી આપે. એ જોઈ કુમાર પોતાને થએલી સજા સમજી જાય, અને નગર છોડી ચાલી નીકળે. કોઇ પારકા રાજ્યમાં પહોંચતાં ને જંગલો ને રણો વટાવે, ચોર-બહારવટીઆ જોડે લડે, અને અનેક સાહસ તથા પરાક્રમ ખેડતો તે પરરાજ્યમાં મોટું માન પામે. ઘણાં વર્ષે રાજાને તે નિર્દોષ છે એવું લાગે, એટલે પશ્ચાત્તાપ કરી કુમારને પાછો બોલાવે, અને દુનીઆનો પુરો અનુભવ લઇ બાહોશ થઇ આવેલા કુમારને રાજગાદી સોંપી પોતે વનવાસ સેવે.

કુમારનું આ પ્રથમ જીવન તે 'સ્કાઉટ' જીવન. રામચંદ્રજીએ એવી જીંદગી ગાળી છે; શ્રીકૃષ્ણે પણ એવું જંગલ-જીવન ખેડ્યું છે; પાંડવોને પણ વનવાસમાં ઓછા અનુભવ નથી મળ્યા. એ કુમારો પોતાના બળ અને બુદ્ધિ પર વિશ્વાસ રાખી, અજાણ્યાં જંગલોમાં અને નગરોમાં, સામાન્ય માણસો પેઠે ઘુમતા ને સુખ-દુઃખ વેઠતા એટલું જ નહિ, પણ કેટલાં યે દુખીઆંની વહારે ધાઈ તેમનાં દુઃખ ફેડતા.. પરદુઃખભંજન રાજા વીર વિક્રમ રાજ ચલાવતાં છતાં યે 'સ્કાઉટ' બની રહ્યા હતા. રોજ રાતે અંધારપછેડો ઓઢીને એ પોતાની પ્રજાની દશા ગુપ્ત રીતે નીહાળતા ફરતા, અને દુખીઆંનાં દુઃખ જાણી ગમે તે ભોગે એ દૂર કરતા. માટે જ તો આજે આપણે એમને 'પરદુઃખભંજન' કહી અમર રાખ્યા છે.

હાલના 'સ્કાઉટ' પણ રોજ એકાદ સારૂં કામ કરવાની પ્રતિજ્ઞા ધારણ કરે છે. એ જો પરદુઃખભંજન વિક્રમનું ચરિત્ર વાંચે તો તેને સેવાના અનેક માર્ગો મળે. વિક્રમરાજનાં સત્કાર્યો તો એટલાં બધાં હશે કે પ્રજાએ તેમની યાદગીરી રાખવા તેમનો સંવત આજ સુધી ચાલુ રાખ્યો છે. એ મહાન ભારતીય 'સ્કાઉટ'ને થઇ ગયાને આજે ૧૯૮૦ વર્ષ થયાં.

સ્કાઉટ ઇશ્વરનું જગત જોવાને હમેશ ઉત્સુક હોય છે. નવા દેખાવ, નવા અનુભવ, નવું જ્ઞાન અને નવી સ્થિતિ મેળવવા એ આતુર રહે છે. એ જ્યાંજ્યાં દુષ્ટતા જુએ ત્યાંત્યાંથી તેને પોતાના શૌર્ય વડે હાંકી કાઢે. એ સત્યનો સંગાથી થઇને રહે એટલું જ નહિ, પણ અસત્યને ઉઘાડું પાડે. આપણો ક્ષત્રિય કુમાર 'સ્કાઉટ' કરતાં લેશ પણ ઓછો નથી એટલે જ અમે 'સ્કાઉટ'ને 'કુમાર' કહ્યો છે.

'સ્કાઉટ' શબ્દનો મુળ અર્થ

'સ્કાઉટ' શબ્દ અંગ્રેજી છે. ગુજરાતીમાં તેને આપણે 'બાલચર' કે 'બાલસૈનિક' કહીએ છીએ. પણ તેથી એ શબ્દનો પુરો અર્થ સમજાતો નથી. બાલચર કે બાલસૈનિકને બદલે 'કુમાર' શબ્દ જ યોગ્ય છે; અને 'બાલચમુ' કે 'બાલસેના'ને બદલે 'કુમારસેના' જ ઠીક જણાય છે.

'સ્કાઉટ'નો મુળ અર્થ તો પગી છે. પગીનું કામ, ગામ કે શહેરની આસપાસ ભમવાનું અને વસ્તીના

બહાર ફરતા ચોર, લુટારા કે બદમાશો પર નજર રાખવાનું હોય છે. પગી ગીચ જંગલનો અને આડા-અવળા રસ્તાઓનો ભોમીઓ હોય છે. ગુજરાતનાં ગામડાંઓમાં પગી રાતે ચોકી કરે છે. તેઓ ચોરના 'સગડ' એટલે 'પગલાં' શોધી કાઢવામાં એક્કા હોય છે, અને તેથી તેમને 'પગી' કહેવામાં આવે છે.

હમણાં 'સ્કાઉટ' શબ્દ વધુ વિશાળ અર્થમાં વપરાવા લાગ્યો છે. 'સ્કાઉટ'-ના ધર્મ ને જવાબ-દારીઓ વધ્યાં છે. 'સ્કાઉટ' એકલો પગી નહિ, ચોકી-દાર કે સીપાઈ નહિ, તેમ પગાર-દાર નોકર કે ભા-ડુતી લડવૈયો પણ નહિ. 'સ્કાઉટ'માં સેવા કરવાની સ્વે-ચ્છા હોય; આજ્ઞાં-કિતપણું ને અધી-નતા હોય: પણ તે કાંઇ કોઇ જાતના દબાણ કે દ્રવ્યની લાલચથી નહિ. 'સ્કાઉટ' સ્વમાન અને સ્વદેશાભિ-માનનો પાળક છે. परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् (સજ્જનોનું સંરક્ષણ અને દુષ્કર્મીઓનું દમન) એ એનો મંત્ર છે.



આકાશી તારા

આકાશી તારા
એ આકાશી તારા!
આનંદ-ઓવારા
એ આકાશી તારા!

દુનીઆ હૈયાને દે
થાક કૈં અકારા!
સંધ્યા કેરા ગીતે પા
શાન્તિની ધારા:

આકાશી તારા
એ આકાશી તારા!
સાથે ને ન્યારા
એ આકાશી તારા!

માંડી માંડી ગોટ મને
હસવે તું, પ્યારા!
પ્રાણ તણાં પુર ભરે
ચેતન ચમકારા:

આકાશી તારા
એ આકાશી તારા!
થા વીરા મારા
એ આકાશી તારા!



'સ્કાઉટ'ની વિશ્વવ્યાપી બનેલી હીલચાલ

'સ્કાઉટ'ની વાત એટલીબધી લોકપ્રિય થઇ પડી છે કે હાલ દુનીઆના દરેક મુલકમાં તેની મોટી મોટી સંસ્થાઓ સ્થપાઇ છે. હમણાં હમણાં હિન્દુસ્તાનની સરકારે અને બીજાં કેટલાંક રાજ્યોએ તે હીલચાલને ઉત્તેજન આપ્યું છે. ઉગતી પ્રજાની કેળવણીમાં 'સ્કાઉટિંગ'ને આગળ કરવામાં આવ્યું છે. કારણકે ખરી કેળવણી આપનારાઓને ખાતરી થઈ છે કે 'સ્કાઉટિંગ'-માંથી અનુભવના ઘણા ઉપયોગી પાઠ શીખાય છે.

દરેક સ્કાઉટ ખાખી પહેરણ, ખાખી ફેંટો કે ટોપી, અને ખાખી ચડ્ડી પહેરે છે, તથા હાથમાં મોટી લા-કડી રાખે છે. ગ-ળામાં સ્કાઉટના નીશાનીવાળો રૂમા-લ બાંધે છે. શરૂ-આતમાં તો ખાખી પોશાકમાં ફરતા ચપળ છોકરાઓની ટોળી જોઇ એકવાર લોકો હસતા; પણ હવે લોકોને તેમના-માં ભરોસો બેઠો છે. અને તેમના કામ તરફ તેઓ સંતોષ ને વિશ્વાસ-ની નજરે જુએ છે.

કુદરતમાં વાર-વાર ભટકવાથી, છાવણીઓમાં વસ-વાથી તેમને ઘણો અનુભવ મળે છે. એને લીધે જ તેઓ ઉપયોગી જન-સેવક થઇ શકે છે.

ઘણાક એમ માને છે કે નાની ઉમરના છોકરાઓ જ 'સ્કાઉટ' થઇ શકે. આ માન્યતા ભુલભરેલી છે. ૧૧ થી ૧૮ વરસની ઉમરના છોકરાઓ 'સ્કાઉટ મંડળ'માં દાખલ થઈ શકે છે. અને મોટી વયે પણ તેઓ સભ્ય તરીકે ચાલુ રહી શકે છે. આ 'કુમારસેના'

એટલે દુનીઆનું એક મોટું બંધુમંડળ: જેમાં દરેક દેશના હજારો જુવાનો સભ્ય છે, અને જેને દરેક દેશની સરકાર આદર અને ઉત્તેજન દઈ રહી છે.

'સ્કાઉટ મંડળ'નો મુળ હેતુ આ છે

કે છોકરાઓ પોતાની મેળે પોતાની તૈયારી કરી લે, અને તેમ કરવામાં જે ખાનદાની અને આનંદ રહેલાં છે તેનો અનુભવ કરે. તેમને જંગલમાં પોતાની છાવણી નાખતાં શીખવવામાં આવે છે; રાતે કે દીવસે અજાણ્યા સ્થળમાં રસ્તો શોધી કાઢવાનું કે જંગલમાં તાપણું કરીને ત્યાં જ રસોઇ બનાવી લેવાનું શીખવાય છે; કોઇની જીંદગી બચાવવાનું, પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાનું અને હમેશ કોઇનું કાંઇક પણ ભલું કરવાની તક શોધવાનું કહેવામાં આવે છે. આવી રીતે તેઓ લોકોના મનમાં પોતાના કામ માટે ખરી લાગણી અને યોગ્ય માન પેદા કરી શકે છે. કુમારસેનાને લીધે જુવાન પ્રજાનું બળ છુટુંછવાયું અને ખોટે રસ્તે ખરચાઈ જવાને બદલે એકત્ર થાય છે અને ઉપયોગી કાર્યમાં વપરાય છે.



સર રૉબર્ટ બેડન પૉવેલ

'સ્કાઉટ મંડળ'નો સ્થાપક

'સ્કાઉટ મંડળ'નો સ્થાપક જનરલ સર રૉબર્ટ બેડન પાવેલ છે. તેણે બાળપણથી જ 'સ્કાઉટ' તરીકે જીવન ગાળવું શરૂ કર્યું. તેનાં માતપિતા તરફથી તેના આ શૉખને ઉત્તેજન મળ્યું. નીશાળમાં તે ચોખ્ખી રમત રમનાર હતો: અને કોઇ તેને રમતમાં હરાવી શકતું નહિ. એ પોતાનું મન શાન્ત રાખતો અને તેના બોલ પર સૌને વિશ્વાસ બેસતો. અભ્યાસમાં પણ પોતાના દેશનું જ્ઞાન મેળવવા તરફ એનું લક્ષ રહેતું. ઘણીવાર એ પોતાની વાત નકશાઓ દોરીને સમજાવતો. માર્ગો બરોબર સમજવા અને સમજાવવા માટે આ કળા દરેક સ્કાઉટને સારીરીતે આવડવી જ જોઇએ.

હજી પણ એ પહેલાંના જેવા જ સશક્ત, તૈયાર અને તત્પર છે. 'તૈયાર રહો' એ તેમનો મંત્ર છે; અને એ મંત્રને તેમણે જીવનમાં ઉતારી દીધો છે.

અમેરિકા અને ઈંગ્લંડના 'સ્કાઉટ' કેવા છે?

અમેરિકામાં લાખોની સંખ્યામાં 'સ્કાઉટ' છોકરાઓ છે એ જાણીને તમે નવાઇ પામશો. તેમનો એક નિયમ આ છે કે 'સ્કાઉટ' હમેશાં શરીરે ને વિચારે સ્વચ્છ રહે; સાફ બોલ, સાફ રમત અને સાફ વર્તન પાળે; અને ઉંચી સોબતમાં જ હરેફરે.' આ નિયમને લીધે તેમના હાથ, મોં, દાંત, વાળ બીજાઓના કરતાં વધારે સ્વચ્છ હોય છે. તેમને દરેક નાનીમોટી રમતોમાં સામેલ થવાને ઉત્તેજન મળે છે અને કોઇ ને કોઇ રીતે તેમની વૃત્તિ ઉંચી રહે તેવા પ્રયત્ન થાય છે.

ઈંગ્લંડના 'સ્કાઉટ મંડળે' સમુદ્રકાંઠાની ચોકી રાખવાનું કામ ઉપાડી લીધું છે, અને તેમાં તેમને આનંદ આવે છે. એમાંના કેટલાક રેલવેના પુલ સંભાળે છે, કેટલાક તારના માર્ગનું જતન કરે છે અને એવાં અનેક ઉપયોગી કામોમાં ભળે છે. પોલીસ પણ આ મંડળની મદદ લે છે. એકલા લંડન શહેરમાં બે હજાર ઉપર 'સ્કાઉટ' જુવાનો કામ કરે છે. તેઓ નૌકાખાતામાં, લડાઇખાતામાં અને દવાખાનાંઓમાં પણ અમૂલ્ય સેવા બજાવે છે. દેશદેશનાં 'સ્કાઉટ મંડળો'એ ભેળાં થઇ એક 'મહાબંધુ-મંડળ' બાંધ્યું છે; અને તેમાં ઘણા

ઉત્સાહી જુવાનો પોતાનાં નામ નોંધાવે છે.

'સ્કાઉટ'ને આટલું શિક્ષણ તો જોઈએ

'સ્કાઉટ' થવાને લાયક બનવા કેટલુંક શિક્ષણ જરૂરનું છે. 'સ્કાઉટે' પોતાના ઉપરીને ખાતરી આપવાની છે કે પોતે સ્કાઉટનો કાયદો પાળે છે, નીશાનીઓ ઓળખે છે અને જુદીજુદી સલામી સમજે છે, તેમજ દેશનો વાવટો ઉડાડી ખબર આપવાનું અને સમજવાનું જાણે છે. આ સીવાય થાંભલા જોડે, લાકડી સાથે, બીલા સાથે કે પશુને ગળે તરેહતરેહની ગાંઠો વાળવાનું ને છોડવાનું કામ પણ તેને આવડે છે. રમુજ અને વિનોદ સાથે, છતાં ગંભીરપણે અને પદ્ધત્તિસર પોતે નિયમ અને કાર્યક્રમને વશ વર્તી કોઇ પણ કામ પાર ઉતારી શકે છે.

આ શિક્ષણમાં મહેનત ઉપરાંત સાચી મોજ પણ હોય છે. પડાવ નાખવાનો આનંદ ને અનુભવ ઓર જ છે. પડાવ નાખનાર 'સ્કાઉટ' ચપળ, ધીર અને સમતોલ મનવાળો હોય છે. એ કામગરો જુવાન થોડાં સાધનોમાં ઘણી સગવડ કરી શકે છે અને પોતાનો વખત ખુશનિહાલ ગુજારે છે.

'સ્કાઉટ'ની ત્રણ પ્રતિજ્ઞાઓ ને દસ નિયમો

'સ્કાઉટ' તરીકે નામ નોંધાવતી વેળા દરેકે ત્રણ પ્રતિજ્ઞાઓ લેવાની છે:

(૧) હું ઇશ્વર અને રાજ્ય તરફની મારી ફરજ બજાવીશ.

(૨) બીજાઓને ગમે તે પળે મદદ કરીશ.

(૩) 'સ્કાઉટ'નો કાયદો બરોબર પાળીશ.

સ્કાઉટના કાયદાના દસ મુખ્ય નિયમો નીચે પ્રમાણે છે:

(૧) 'સ્કાઉટ'નો બોલ વિશ્વાસપાત્ર છે.

(૨) 'સ્કાઉટ' તેના રાજાને, અમલદારને, માબાપને, દેશને અને શેઠને વફાદાર હોય.

(૩) 'સ્કાઉટ'નો ધર્મ છે કે તેણે ઉપયોગી થતા રહેવું અને સૌકોઇને સહાય કરતા રહેવું.

(૪) 'સ્કાઉટ' સર્વનો મિત્ર છે; બીજા 'સ્કાઉટ'નો એ 'ભાઇ' છે;—પછી તે 'સ્કાઉટ' ગમે તે નાત, જાત કે દેશનો હોય.

(૫) 'સ્કાઉટ' હમેશ વિનયશીલ હોય.

(૬) 'સ્કાઉટ' સૌ પ્રાણીઓ ઉપર દયાભાવ રાખે.

(૭) 'સ્કાઉટ' પોતાનાં માબાપની અને નાયકની આજ્ઞા પાળે.

(૮) 'સ્કાઉટ' ગમે તેવા સંજોગોમાં હસતો અને આનંદી રહે.

સસ્તું 'કુમાર'

એ મથાળા હેઠળ ગયા અંકમાં અપાએલી, અરધે લવાજમે 'કુમાર' મેળવવાની યોજનાની જાહેર ખબરના ઉત્તરમાં અમારી પાસે સંખ્યાબંધ માગણીઓ આવી પડી છે, અને હજી આવ્યે જાય છે. પરંતુ યોજનામાં જણાવેલી સંખ્યા ઘણી મર્યાદિત—૨૫ની જ—હોવાથી એ માગણી કરનારાઓમાંથી જે લોકો લવાજમ ભરવાને સૌથી વધારે અશક્ત જણાય છે તેમને જ, અને અતિ દૂરના ખુણાનાં ગામડાંઓને જ પસંદગી મળી શકશે.

આજ સુધી આવેલી માગણીઓમાંથી દસને પસંદગી અપાઇ છે, અને એ લોકોને તે બાબતના ખબર આપવામાં આવ્યા છે. એમને ચાલુ વર્ષના પહેલેથી ગ્રાહક ગણી બધા અંકો વી. પી. થી મોકલાશે.

બાકી રહેલી સંખ્યા માટે હજી પસંદગી ચાલુ છે; તો તેનો લાભ લેવા ઇચ્છનારે ઉપરની હકીકત ધ્યાનમાં રાખીને તાકીદે લખી જણાવવું.

કચ્છ માટે જ ખાસ

'કુમાર' નું લવાજમ ન ભરી શકે તેવાં કચ્છનાં છ ગામડાં માટે લવાજમ ભરી આપવાની ગોઠવણ મુંબાઇના એક ગૃહસ્થ કરી આપશે, એવી સુચના રા. હીંમતલાલ ગણેશજી અંજારીઆ તરફથી અમને મળી છે. તેથી એવાં ગામડાંના વતનીએ નીચેને ઠેકાણે લખી જણાવવું: રા. હીંમતલાલ ગણેશજી અંજારીઆ, સાન્ટાકુઝ, (બી. બી. ઍન્ડ સી. આઇ. રેલ્વે.)

(૯) 'સ્કાઉટ' કરકસરથી રહે.

(૧૦) 'સ્કાઉટ' વિચાર, વાણી અને કર્મ શુદ્ધ રાખે.

'સ્કાઉટ'ના ત્રણ વર્ગ

આ રીતે 'સ્કાઉટ' મંડળમાં દાખલ થયા પછી તેણે બીજા વર્ગના 'સ્કાઉટ' બનવાનું હોય છે, અને પછીની પરીક્ષામાં પાસ થઇને પહેલા વર્ગનું પદ મેળવવાનું હોય છે. પહેલા વર્ગના 'સ્કાઉટ'ને ઘણી બાબતો જાણવી પડે છે. તેમાં મોર્સ પદ્ધતિ (તારની ભાષા) મુજબ સંદેશા લેવા અને પહોંચાડવા, અકસ્માતની વેળાના તુર્ત-ઇલાજ જાણવા, સાદી રસોઇ આવડવી, નકશો સમજવો વગેરે-નો સમાવેશ થાય છે. આ સીવાય જુદી જુદી કુશળતા-ઓ મેળવવા માટે તેમને બીજા લગભગ પચાસ જાતના ચાંદ અપાય છે. જેમકે, ઘાયલની માવજત કરવી, તેને ઉચકીને દવાખાને પહોંચાડવું, મધ ભેગું કરવું, સુતારી કામ આવડવું, રસોઇ, વીજળીનું કામકાજ, હુન્નરો, નીશાનબાજી, ખોદકામ, રસ્તો શોધી કાઢવો, ફોટોગ્રાફી, છાપકામ, તરવું, આકાશદર્શન, દરજીનું કામ, જંગલ-નો અનુભવ વગેરે.

પણ આપણે ક્યાં છીએ ?

'સ્કાઉટ'ને લગતું આટલું વાંચ્યા-જાણ્યા પછી તમને વિચાર થશે કે આમાં આપણે ક્યાં છીએ ? વડોદરા રાજ્ય તરફથી 'સ્કાઉટ'ની હીલચાલ યોગ્ય પદ્ધતિ પર ચાલે છે અને ખુદ શ્રી પ્રતાપસિંહ મહારાજ તેના 'સ્કાઉટ' થયા છે. ભાવનગરના બાળ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહ 'સ્કાઉટ' છે. બીજા પણ ઘણા રાજકુમારો 'સ્કાઉટ' તરીકેની તાલીમ લે છે, જંગલનું જીવન ગાળે છે અને હાથ-કરામતની મજાહ માણે છે. ભાઇશ્રી અંબાલાલ પુરાણીના અખાડાઓના વિદ્યાર્થીઓ 'સ્કાઉટ'ની જીંદગી જ જીવે છે. તેઓએ અમદાવાદની ગઇ મહાસભા વખતે પોલીસ અને રખેવાળોનું કામ સુંદરરીતે બજાવ્યું હતું. ગુજરાતનાં બધાં શહેરોમાં જે જુદાં જુદાં યુવકમંડળો છે તે બધાં 'સ્કાઉટ'ની તાલીમ ચાલુ કરે તો શરીર અને બુદ્ધિનો બહુ વિકાસ સાધી શકે અને વધુ જનસેવા કરી શકે.

'સ્કાઉટ' વીશે આટલી હકીકતો જાણ્યા પછી તમને 'સ્કાઉટ' થવાની ઇચ્છા થશે જ. 'સ્કાઉટ' થવા માટે તમારાં માબાપની પરવાનગી જરૂર લેજો. અથવા તમારા જ નગરના કોઇ યુવકમંડળમાં જોડાશો તોપણ કશો વાંધો નથી. તમે એમ પણ ન કરી શકો તોપણ તમે સ્કાઉટની જીંદગી ગાળી શકો તેમ છો જ. આ લેખમાં બતાવેલા બધા ગુણો મેળવે તે 'સ્કાઉટ મંડળ'માં ન હોય છતાં પણ 'સ્કાઉટ' છે. ગુજરાતના જુવાનો નવું ચેતન મેળવે, નવી પ્રાણજ્યોત ઝળકાવે, એ અમારો મહાન અભિલાષ છે. આજે ઇંગ્લંડમાં દેશદેશના 'સ્કાઉટ' ભેગા થયા છે. પૂર્વ અને પશ્ચિમના કુમારો એક છાવણીમાં સાથે મોજ કરે છે, તે વખતે ગુજરાતની એક ભવ્ય 'કુમારસેના'નું સ્વપ્ન બાંધવું નિરર્થક નહિ ગણાય.

લીલો મેવો

અમેરિકાની બાઇબલ સોસાયટીએ આંધળાંને માટે આખી બાઇબલ તૈયાર કરાવી છે. તેનાં ૫૮ પુસ્તકો થયાં છે, અને એનું વજન ૨૮૩ રતલ છે.

વાયરલેસ મારફત કોઇ પણ પક્ષીનું ગીત આખા દેશમાં સાંભળી શકાય છે.

એક એન્જીનીઅરે એવા ટેલિફોન ગોઠવ્યા છે કે જેથી બોલનારના અવાજ આખી આગબોટમાં સંભળાય.

હડસનના ઉપસાગર પર રહેતા એક માણસે કુતરાની ગાડીમાં બેસીને ૩૫૦૦૦ માઇલની મુસાફરી કરી છે.

ચીન દેશે એક મોટી ટંકશાળ બાંધવા માંડી છે. તેમાં રોજના ૧૫ ટન રૂપાના સીક્કા પડી શકશે.

મોટરમાં હવેથી એવી ગોઠવણ કરવામાં આવશે કે જ્યારે પેટ્રોલ ખુટી જઇ થોડુંક બાકી રહે ત્યારે એક જાતની સીસોટી વાગે.

સાઇબીરીઆમાં સુરજમુખીના જથ્થાબંધ છોડ ઉગી નીકળ્યા છે. તેનાં બીઆં પીલીને તેમાંથી તેલ કાઢવામાં આવે છે.

ઉત્તરધ્રુવના પ્રદેશમાં ૨૪ કલાક સુધી સૂર્ય પ્રકાશે છે, તેથી ત્યાંનાં પક્ષીઓ રાત ને દિવસ ગાયાં જ કરે છે. ગાઇને થાકે છે એટલે મરી જાય છે!

કોબીજના ગોટો તોડી લીધા પછી તેના છોડ મરી જાય છે.

દીવાળીની તૈયારી

ચોમાસાના વરસાદથી બધે કીચડ થયો હોય, એમાં છાણ વગેરે કચરો પડે, એટલે એ સડીને એમાં જીવાત પડે અને તેથી બધે ગંદકી થાય. પછી ઉપર ભાદરવાના તડકા તપે, એટલે તે ગંદકીની દુર્ગંધ હવામાં ફેલાય, અને લોકો માંદા પડે. વર્ષાઋતુના આવા અનેક મંદવાડ અને ઉપદ્રવથી હેરાન થતા લોકોનો પહેલો ધર્મ તો આરોગ્ય અને સ્વચ્છતા સ્થાપવાનો છે.

કોઈ પણ ચિત્રકારને સુંદર ચિત્ર કરવું હોય તો પ્રથમ સ્વચ્છ કાગળ લેવો જ પડે. આપણે દીવાળીનું સુંદર ચિત્ર જીવતું જોવું હોય, તો પહેલાં આપણાં ઘર સ્વચ્છ અને સુંદર બનાવવાં જોઈએ. એક મિત્રે સુચના કરી છે કે દીવાળી તો કળાનો ઉત્સવ છે. અને એ વાત યોગ્ય છે. કળા આડકતરી રીતે આપણા જીવનમાં ગુંથાએલી છે: પણ આપણે તે તત્ત્વને શુદ્ધ રૂપે સ્વીકાર્યું નહિ હોવાથી આપણા જીવનમાંથી ઘણે ઠેકાણે તેનો લોપ થઈ ગયો છે. એ કળાનું નવું મંદિર નિર્માણ કરી, તેમાં તેની પુનઃસ્થાપના કરવાની જરૂર છે.

એટલે દીવાળીનો દીવસ કળાનો મોટો ઉત્સવ બની શકે. સર્વ કળાઓ તે દીવસે લોકજીવનમાં પ્રત્યક્ષ થાય, અને આનંદ-ઉત્સાહનાં મોજાં આખા દેશ પર ફરી વળી નવું જીવન, નવા પ્રાણ, અને નવશક્તિનું સર્વ નરનારીઓને ભાન થાય.

પણ એકલી ભાવનાથી જ કાર્ય થવાનું નથી. જેઓ કંઈક સમજી શકે છે તેમને માથે પહેલી ફરજ એ છે કે તે ભાવના પ્રમાણે તેઓ વર્તે. તમને દીવાળીની સુંદર ભાવના ગમી હોય તો તમે દીવાળીનો ઉત્સવ કરવાની આગળથી તૈયારીઓ કરો. શું કરવું તે ટુંકામાં જ વિચારીએ.

પહેલાં તો તમારા ઘરની સ્વચ્છતાનું કામ હાથ ધરો. ઘરની દરેક ચીજ તડકામાં એકએ દીવસ રાખી તેમાંનો ભેજ ઉડાડી દો. નુકસાનકારક જંતુઓ દૂર કરો. ઘરનો ખુણેખુણો સાફ કરો. તમારાં ભાઈબહેન વગેરેને પણ દીવાળીની તૈયારીમાં સાથે રાખો. તમારા વડીલો દીવાળીની તૈયારી કરતા હોય તો તેમાં મદદ કરો. અને તેટલું કામ તમે ઉપાડી લો, અને જુઓ કે તમને કેટલી નવી બાબતો શીખવાની અને નવો અનુભવ મળે છે.

સૂર્યનાં કિરણો આખી આલમને મફત મળે છે. તેનો પુષ્કળ ઉપયોગ કરી લો. પછી કેટલીક જાત-મહેનત ઉપરાંત થોડો ખર્ચ પણ કરો. એ નાના ખર્ચને લીધે તમે દવા અને દાક્તરોનાં મોટાં ખર્ચથી બચશો. જે વખતે શહેરી જીવન મોંઘું નહોતું થયું તે વખતે તો દરેક ઘર દીવાળી પહેલાં ધોળવામાં આવતું. તેથી ઘરની હવા શુદ્ધ થતી, રોગના જંતુઓ મરી જતા, અને ઉજમાળાં ઘરોથી દીવાળીનું આગમન પ્રત્યક્ષ થતું. ઘરને ચુનો ધોળતાં પહેલાં આખા ઘરમાં દવાઈ ધુમાડો કરવાની જરૂર છે. લીમડાનાં પાન બાળવાં સૌથી સસ્તાં છે. ગંધકનો ધુમાડો પણ થાય છે. ધુમાડો કરો તે વેળા કીંમતી ચીજો બરોબર ઢાંકજો. ચુનો ધોળાવવાનું મોંઘું લાગે તો તમારે થોડી શરમ ખંખેરી નાખી, એક દિવસ પોતે જ કચ્છ પહેરી, હાથમાં કુચડો લઈ, પોતનું ઘર ધોળી નાખવું એ સસ્તો ને સરસ ઉપાય છે. તેથી તમે થોડી નવી કારીગરી શીખશો અને જાતમહેનતની મજા લઈ શકશો. તમે ઘરના 'સ્કાઉટ' પ્રથમ થાઓ; પછી જ તમારી ટોળીના 'સ્કાઉટ' થઈ શકશો.

ઘર ધોળાઈ ગયા પછી જમીન લીંપવાનું કામ તો વડીલ સ્ત્રીઓ કર્યા વિના રહેવાની જ નહિ. તેમને મન તો ઘરની આ ક્રિયા પવિત્ર ફરજ છે. સ્ત્રીઓ

આ ક્રિયા કેટલા ખટકાથી અને નિયમિતપણે આખું વર્ષ કર્યે જાય છે તે તરફ ધ્યાન આપો તો તમારે તમારી બેદરકારી માટે શરમાવું પડે. તેઓ બે દીવસ ઘરમાં ન હોય ત્યારે જુઓ કે ઘરમાં કેટલો કચરો અને અવ્યવસ્થા મચી જાય છે. એટલે, સ્ત્રીઓના કામને તરછોડો નહિ. દરેક સ્ત્રી તરફ માનથી જોતાં શીખો તથા તેમને બને તેટલી સહાય અને સગવડ આપો.

ઘરના દરેક સામાનની ધુળ દીવાળી પહેલાં સાફ થવી જ જોઇએ. ઉધઈ–ખાતી ચીજો પર ધ્યાન આપી, તેને સૂર્યના તાપમાં તપાવી, મોરથુથાના પાણી કે બીજાં જંતુનાશક રસાયણો લગાડી અલગ કરવી જોઇએ. ત્યાર પછી તમારામાં વધુ આવડત હોય તો ઘરનાં ફરનીચરોના રંગ–વારનીશ કે પોલિશ પણ જરૂર કરજો. તમને આ બધી ખટપટમાં સમય જતો લાગશે, પણ એને લીધે તમારા હાથમાં જે નવી ક્રિયાસિદ્ધિ ને કુશળતા આવતાં જશે તેની કીંમત તરીકે એ સમયનો સદુપયોગ જ થયો માનજો. તમે આખું જીવન જે ઘરમાં ગાળો છો તે ઘર તરફ, તેની વ્યવસ્થા તરફ તમે ધ્યાન ન આપો તો જરૂર તમે મોટું પાપ કરો છો, અને તેના ફળરૂપે તમે જ જંતુઓ અને રોગના ભોગ થઈ પડશો એ નક્કી માનજો.

ઘર અને સામાનની સફાઈ થઇ ગયા પછી તેની બધી ગોઠવણી નવેસરથી જ કરો. ગયા વખત કરતાં આ વખતે વળી તેમાં કંઇક નવા ફેરફારો કરો. ઉઘાડાં રહેતાં પુસ્તકો પર નવા રંગના કે છાપના પડદા ઢાંકો; નીચે રખડતી ચીજો માટે અભરાઇઓ કરો; વાસણો પડી ભાંગી ન જાય તેવી યુક્તિઓ કરો; વાળાદોરીઓ,

બેસતું વર્ષ

દીવાળીની રાત હતી. દીવસે ખુબ શ્રમ પડવાથી રાતે સવારી જોઇ આવીને થાક્યોપાક્યો હું સુઇ ગયો. ઉંઘમાં મને સ્વપ્ન આવ્યું :

" રાતના અંધકારમાં પથારીમાંથી ઉઠીને જાણે હું બહાર ફરવા ગયો છું. ચોમેર અંધારૂંઘોર હતું. આમ અંધકારમાં રખડતો હું એકલો જ હતો. તમરાંનો તમતમાટ, અને દૂરદૂરથી આવતી રાની પશુઓની ત્રાડ સીવાય સર્વત્ર શાંતિ હતી. હું તો આગળ ને આગળ ચાલ્યો જ જતો હતો. ચાલતાં ચાલતાં જાણે એક અરણ્ય આવ્યું,–ઘાડું અને ઘોર. અરણ્યમાં પણ મેં તો નિર્ભયપણે ચાલવા માંડ્યું. ઘણે દૂર ગયા પછી, ધુણી ધખાવી તપ તપતો કો સાધુ મારી નજરે પડ્યો. તેના હાથમાં ચીપીઓ હતો. ગળામાં મોટા પીળા પારાની માળા હતી. તેના મોંમાંથી અસ્પષ્ટ સ્વર સરતો. હું ત્યાં ગયો, નમન કર્યું અને બેસવાની આજ્ઞા મળવાથી મહારાજ પાસે બેસી ગયો.

ધુણીમાંથી અગ્નિના તણખા અને ધુમાડાના ગોટા ઉડતા હતા. જાણે ચમકની પાંખોવાળી પરીઓ આકાશમાં ઉડી જતી ન હોય ! મહારાજે મારી તરફ જોયું અને બોલ્યા, 'કેમ બચ્ચા ! આજ બેસતા વર્ષના પ્રભાતે બહાર કાં નીકળ્યો ?' અને વાત કરવાનો વિષય મળ્યો. મેં પુછ્યું, 'મહારાજ ! બેસતા વર્ષના પ્રભાતનું આટલું બધું મહત્ત્વ શા માટે ? મહારાજે કહ્યું, 'તારે જોવું છે ? ચાલ, તને બતાવું. આંખો મીચીને દસ ગણ્યા પછી ઉઘાડ જોઇએ.'

મેં આંખો મીચી, મનમાં ને મનમાં દસ સુધી ગણ્યા. આંખો ઉઘાડીને જોઉં છું, તો ત્યાં ન મળે ધુણી કે ન મળે અરણ્ય. હું ને મહારાજ ચાલ્યા જતા હતા. અમારી સામે સાગર ઘુઘવતો હતો. ડાબે હાથે પાતાળ–ઉંડી એક ખીણ હતી. જમણી બાજુ નાની કેડી હતી. મહારાજ બોલ્યા, 'પાછળ જો.'

પાછળ રસ્તો બંધ હતો. ત્યાં જાણે એક મોટી જંગી દીવાલ બંધાઇ ગઇ હતી. અને બરાબર મારી પીઠથી, ચઢ–ઉતરના માપના પંદર પથ્થરોની એક હાર શરૂ થતી હતી. મારી પીઠ પાસેનો પથ્થર સૌથી મોટો હતો; તે પછીનો એથી નાનો; અને એમ મોટેથી નાની થતી જતી એ હારનો છેલ્લો પથ્થર સૌથી નાનો હતો. મારી પીઠ પાસેનો પથ્થર સૌથી વધુ શ્યામ ને અંધકારભર્યો હતો. બીજા ક્રમેક્રમે ઓછા શ્યામ હતા. છેલ્લો નાનકડો પાંચીકો સફેદ હતો. મને આશ્ચર્ય થયું. મારાથી સમજાયું નહિ. મારી મતિ મુંઝાઇ ગઈ. મેં આનો અર્થ સમજાવવા મહારાજને વિનંતિ કરી. મહારાજ હસ્યા. તેમણે ખોખરા પણ દૃઢ અવાજે કહ્યું, ' જો બેટા; સૌથી છેલ્લા પેલા પાંચીકા સામે જો. એ કેવો ચળકતો છે ! એ તારા જીવનનું પહેલું વર્ષ. તે પવિત્ર હતું—નિર્દોષ હતું, માટે જ એ ચળકે છે. તને પંદર વર્ષ થયાં. આ પંદર પથ્થરો એ તારાં ભુતકાળનાં વર્ષો. વર્ષોવર્ષ જેમ તારૂં પતન થતું ગયું તે પ્રમાણમાં આ પથ્થરો કાળા અને અંધકારભર્યા દેખાય છે. તારી પીઠ પાછળનો પંદરમો પથ્થર જો. એ કેટલો કાળો છે ? અને હવે આગળ નજર કર. તારૂં

ભવિષ્ય આગળ છે;—સામેના અનંત કાળસાગરમાં. એમાંથી હવેનું તારૂં સોળમું વર્ષ કેવું બનાવીશ ?' મારી આંખમાં આંસુ હતાં. મારો ભૂતકાળ મારી નજર સમક્ષ તરવરવા લાગ્યો. મારા ભૂતકાળના ગોઠીઆ મારી નજરે ચઢવા લાગ્યા. મારા જીવનના કાજળ સમા કાળા પ્રસંગો મને યાદ આવ્યા. મારૂં હૈયું ભરાઈ આવ્યું. મેં મહારાજને કહેવા માંડ્યું, 'મહારાજ, મને મારાં પંદર વર્ષ પાછાં આપો; મારે ફરીથી જીવવું છે. આ અંધકારભર્યા મારાં ભૂતકાળનાં વર્ષો માટે મને પસ્તાવો થાય છે. મારે આગળ નથી જવું; પાછળ જવું છે. મારૂં જીવન મારે ફરી જીવવું છે. એ પંદરે પથ્થર હું સફેદ કરી દઉં—સંગેમરમર સમા સફેદ કરી દઉં—ત્યાં સુધી મારે આગળ ડગલું પણ નથી દેવું. મારાથી આ અંધકાર નથી દેખ્યો જતો. એક વાર, મહારાજ, એક જ વાર મારૂં કાળચક્ર પાછું ફેરવો. મારૂં જીવન મને ફરી જીવવા દો—આ અંધકારને ફડાવવા દો. એકવાર—ફક્ત એક......"

... ...

'સબરસ ! સબરસ !'ની બુમો પડતી હતી; સ્ત્રીઓ થાળી વગાડતી વગાડતી કાંઈક બબડતી બબડતી બહારથી ઘર તરફ વળતી હતી; છોકરા ફટાકડા ફોડતા હતા, પરભાતીઆંનો અવાજ કાન પર અથડાતો હતો; રાજગૃહમાં ચોઘડીઆં વાગતાં હતાં; બ્રાહ્મણો શારદાપૂજન કરાવવા કંકુ તથા કળશીઓ લઈ જતા હતા તેના હોકારા સંભળાતા હતા. હું જાગી ઉઠ્યો. આંખો ચોળીને જોઉં છું, તો ન મળે મહારાજ કે ન મળે પથરા. મારી બા મને ઉઠાડતાં હતાં. ભારે હૈયે હું ઉઠ્યો અને નાહીને બહાર પ્રાર્થના કરવા ગયો.

માણુજીવન આચાર્ય



વળગણીઓ, નવાં સગવડભર્યાં સ્થાનો શોધો અને સમાસ વધારો. પ્રકાશ આવતો હોય તે બાજુ વધારે છુટી અને ખુલ્લી કરો. દરેક રીતે નવીનતા, સગવડ અને વ્યવસ્થા લાવવા મહેનત કરો. બુદ્ધિ દોડાવો. તમારી જીંદગીમાં મુશ્કેલીઓ કે બહુ કામ આવશે ત્યારે આવી તર્કે ખીલવેલી બુદ્ધિ જ તમને મદદગાર થવાની.

આટલી ક્રિયાઓ કળાના સત્કાર માટે પુરતી છે. કળા એટલે કીચડમાંથી ઉગેલું કમળ. ગંદા અને અસ્વચ્છ વાતાવરણને ખસેડી, તેમાંથી સુંદરતાની ઉપજાવવી તે કળા. તમે ઘરની મલિનતાઓ દૂર કરી શક્યા એટલે કીચડમાંથી કમળદંડ બહાર નીકળે તેટલી સ્થિતિએ પહોંચ્યા. હજુ ઉપર સુંદર કમળપુષ્પ ઉગાડવાને તમારા ચિત્તના સંસ્કારો અને હૃદયની ઊર્મિઓની જરૂર છે.

શોભા એ ઉત્સવની ખાસ નીશાની છે. ઉત્સવને દીવસે શોભા દીવાની જ્યોત સમી લાગે છે. સ્વચ્છતા ઉપર શોભા થાય ત્યારે ઓર આનંદ થાય છે. શોભામાં જ તમારી કળાભાવનાનું પ્રદર્શન થઈ શકે છે. એ પ્રદર્શનથી જેટલો તમને આનંદ થશે એટલો જ બીજાને થશે. એટલે કે તમારો આનંદ સૌનો બનશે, અને આનંદનું લ્હાણું કર્યાનો સુઅવસર તમને મળશે. દીવાળી નિમિત્ત તમે ખાસ શોભા કરો તે કંઈ ખોટું નથી. ઘરનાં બારણાંને સારો રંગ લગાડો, દ્વાર પર તોરણ બાંધો, 'સ્વાગતમ્' 'ભલે પધાર્યા' વગેરે આવકારનાં વચનો લખો તેમાં કોઈ દંભ નથી. પણ

જે કરો તેમાં કોઇનું અનુકરણ કે નકલ ન કરતા. તમારા પોતાના મનથી, જાતના ઉત્સાહથી કરજો. કારણકે કળા એટલે અનુકરણ નહિ. કળા એટલે પોતાની જ ઊર્મિઓ સુંદરરીતે પ્રકટ કરવી તે.

દીવાળીની ખરી શોભા તો દીપાવલિ કરવામાં જ છે. અમાસની અંધારી રાત દીવાની હારોથી અનેક રાત્રીઓ કરતાં વિશેષતાવાળી બને છે. તે પરંપરા, તે રીવાજ ચાલુ રાખવાને તમારાથી બનતું કરજો. વીજળીના દીવા કરતાં ગ્લાસમાં કે કોડીઆંમાં તરવરતા દીવા વાતાવરણને ઓર ચેતન આપતા લાગશે.

ચીન–જાપાનની દીવાળીઓ કાગળનાં રંગબેરંગી ફાનસોની હારથી પ્રખ્યાત છે. આપણી દીવાળી શુદ્ધ દીપાવલિ છે. પણ એ દીવાઓની વચ્ચે ઘરની સમીપ એકાદ અજબ ફાનસ, કે રંગબેરંગી કાચ જડેલું ફાનસ દીવાઓના પ્રમુખ જેવું લાગશે. જરા નવીનતા કે વિચિત્રતાનું ચટકું આંખને ગમ્મત આપશે. તમારા હાથમાં થોડી કારીગરી વસેલી હોય તો કાગળનું જૂદું ફાનસ બનાવો, અને તેમાં તમારી કલ્પના પ્રમાણે ફરતાં પક્ષીઓ, જાનવરો કે જાણીતાં મનુષ્યોના ચહેરા ગોઠવો. તમારી એ કારીગરી તમારે ઘરઆંગણેથી આવતાજતા દરેક રાહદારીને મઝા આપશે.


રાત્રે તમારા મિત્રમંડળનો નાનો જલસો કરો. શુદ્ધ સુંદર સંગીત, કંઇ જાદુગરી ખેલ કે સુંદર વ્યાખ્યાનનો પ્રસંગ ગોઠવી, થોડા મિત્રો કે સગાંવહાલાંને બોલાવી સંમેલન કરો, ને નીરાંતે સાથે બેસવાનો પ્રસંગ ઉભો કરો. સૌનાં મોં મીઠાં કરવાનું ચુકતા નહિ. ખાવાની વાનીઓનું પ્રદર્શન સ્ત્રીઓ તો ક્યાં જ કરે છે. તેઓ જે મહેનતથી તમને દીવાળીનો આનંદ આપે છે તેટલીજ મહેનત તમારે તે આનંદ વધારવા લેવી જોઇએ.

દીવાળીના દીવસોમાં બધી કળાઓ એકસામટી પ્રગટ થાય એવો જ તે દીવસનો ક્રમ દેખાય છે. સવાર પડતાં આંગણે આંગણે સુંદર સાથીઆ અને રંગોળીઓ નજરે પડે છે. આમાં ઉત્સાહ હોય છે, પણ તેમાં કળાની ગોઠવણી કે કલ્પના દેખાતાં નથી. તમારા જેવી ઉગતી અને નવીન પ્રજાએ તો આ બાબતમાં ખાસ ધ્યાન આપીને એ રીવાજમાં વધારે વ્યવસ્થા, નવીનતા અને કલ્પના લાવવાં જોઇએ. પોતાના ઘરની રંગોળી જાતે પુરવાનું કામ તમારે માથે લેવું. પુસ્તકોમાંથી તે માટે સારા નમુના શોધી કાઢવા; નવા આકારો કાગળોમાં કોરી છાપવા; નવી રંગ-રચનાઓ કરવી; બીજા દેશોના સારા પ્રયોગો દાખલ કરવા;—એ બધું અજ્ઞાન અને બીનકેળવાએલી સ્ત્રીઓથી બનવું અશક્ય છે. તમારી કેળવણી અને શક્તિ ઘરની મદદમાં ન વાપરો તો એ શા કામનાં ?

ઘરમાં અને ઘરઆંગણે આવો કળાનો ઓચ્છવ આદરીને તમે લોકપ્રથાને શુદ્ધ ને સંસ્કારી રૂપ આપી શકશો. તમારૂં વર્તન કળામય એટલે વિનયી, ભાવભર્યું ને પ્રેમળ બનાવો. સગાંવહાલાં તથા મિત્રોને શુદ્ધહૃદયથી મળો; પરસ્પરની ભુલો ખરેખર ભુલી જવા યત્ન કરો; જગતમાં સ્નેહ અને સંપનું રાજ્ય વધે એવું કરો.

તમારૂં મિત્રમંડળ આવું કળાપ્રેમી હોય તો તે દીવસે પરસ્પરને કળાની ચીજો ભેટ મોકલો. શહેર માટે કળાનું નાનું પ્રદર્શન ભરો. તમારા મંડળ તરફથી એકાદ નાની કળાયુક્ત ચોપડી પ્રગટ કરો. આ દીવાળી એવી ઉજવો કે જેથી બીજી દીવાળી સુધી નવીનતા, ઉત્સાહ અને કાર્યબળ મળે.

પુસ્તકો નવાં અને જુનાં



ગાંધીજીનાં વિચારરત્નો : સંગ્રહ કરી પ્રસિદ્ધ કરનાર, ચંદુલાલ પટેલ, ગોંડળ; આવૃત્તિ ત્રીજી: કીંમત, એક આનો.

કેટલીક વસ્તુઓ ને વિચારો એવાં હોય છે, કે જે દરરોજ ઉપયોગી હોય છે. આ નાનકડા ગુટકામાં સંઘરેલા વિચારો એ જાતના છે. એમાંના કેટલાંક તો સનાતન સત્યો છે. માણસ જો એનો પાઠ કરી જાય તો જરૂર એમાંથી રોજ નવી પ્રેરણા મેળવે.

આ વિચારરત્નો છુટાં વેરાએલાં નથી; પણ અમુક વિષયોમાં ગોઠવીને અપાયાં છે. એટલે એ સઘળાંની સુંદર માળા જ બની રહે છે.

નાના ગજવામાં સાથે રખાય એવી, સારી છપાઇ અને સુંદર દેખાવની છતાં સાવ સોંઘી આ પોથી, દુનીઆની માહીતી મેળવવાના ઉમેદવાર કુમાર–કુમારિકાઓની તો 'મિત્ર અને ગુરુ' બની રહે એવી છે.

અમે જરૂર ઇચ્છીએ કે આ નાનકડી પોથી 'કુમાર'ના વાંચનાર પોતાના મિત્રોને 'નવા વરસની ભેટ' તરીકે મોકલે.

આ ગુટકાની આ ત્રીજી આવૃત્તિ તો થઇ ગઈ. આવી જાતનો સંગ્રહ કરીને તેનો બહોળો ફેલાવો કરવા માટે આનંદ બનાવી, ભાઇ ચંદુલાલ પટેલને આવે ચીલે વધુ પંથ ખેડવા અમે નોતરીએ છીએ.

હૃદયરણકાર : કર્તા અને પ્રકાશક, રમણિક ર. મહેતા, સાદરા; કીંમત ચાર આના.

આ નાનકડા સંગ્રહમા કર્તાનાં બાવીસ ટુંકાં કાવ્યો છે. એ સંગ્રહ એમણે જુનાગઢ બ્હાઉદ્દીન કૉલેજમાં પોતાની સાથે અભ્યાસ કરતા સ્વર્ગસ્થ સંગાથી ભાઇ ગિરિધરને અર્પણ કર્યો છે.

સ્વ. ભાઇ ગિરિધર એક સરસ ઉગતા કવિ હતા, અને મિત્રમંડળીમાં એ 'કવિ' નામથી જ ઓળખાતા. એમનાં કેટલાંક કાવ્યો અમે વાંચ્યાં છે. એમનામાં ખરા કવિની ઝળક અને કોમળ લાગણી હતી: સાથે સાથે એટલું જ ભાવભર્યું સંગીત હતું.

પણ એમની સ્થિતિ અતિશય ગરીબ હતી. જુનાગઢના શ્રી સાર્વજનિક વિદ્યાર્થી આશ્રમમાં રહીને જેમતેમ એ પોતાની અને પોતાના ભાઇઓની કેળવણી આગળ ચલાવતા. બી. એ. સુધી પહોંચ્યા ત્યાં તો એ કાળના પંજામાં સપડાઇ ગયા.

સ્વ. ગિરિધરની પાછળ નાના ભાઇઓ અને બાળ-વિધવા બહુ ગરીબાઈ ભોગવે છે. આ કાવ્યસંગ્રહની આવક એ રંક કુટુંબની મદદ ખાતર જશે એમ ભાઇ રમણિક જણાવે છે. એમનો આ સ્નેહભાવ ને મિત્રધર્મ ધ્યાનમાં લઇ 'કુમાર'ના વાચકો આ નાનીશી ચોપડી ખરીદે એમ અમે ઈચ્છીએ છીએ.

ભૂગોળ

નામનું એક હિન્દી માસિક મીરતથી શ્રી૦ રામનારાયણ મિશ્ર પ્રસિદ્ધ કરે છે. અત્યાર સુધીમાં તેના છ અંકો બહાર પડી ચુક્યા છે. ત્રણ રૂપીઆના જુજ લવાજમમાં 'કુમાર' જેવડા કદનું ૨૯ પાનાનું આ માસિક શાળાઓ અને ખાનગી વાચન માટે અમને અગત્યનું લાગ્યું છે. જ્યાંસુધી આપણે ભૂગોળ વીશે સાચી અને વિસ્તારપૂર્વક માહીતી ન મેળવી શકીએ ત્યાંસુધી જગતમાં, વેપાર, કળા કે કૌશલ્યના ક્ષેત્રમાં આપણે આગળ ન વધી શકીએ. 'ભૂગોળ'ના વિદ્વાન તંત્રી આ જરૂરીઆતો સમજે છે: જરૂરી બાબતોના તેમણે નકશા અને ચિત્રો આપવાની ગોઠવણ પણ કરી છે. નકશાઓ વધુ સ્પષ્ટ અને તેમનાં નામો ચોખ્ખા અક્ષરોમાં આવે, તથા આ માસિકને ઉપયોગની બીજી પણ ચિત્રયુક્ત યોજના-ઓનો ઉપયોગ કરવામાં આવે એવી સુચના કરવાની અમે જરૂર ધારીએ છીએ.

સ્વીકાર

એ ભાગ–નાટકો: બંગાળી ઉપરથી અનુવાદક, કરસનદાસ ન. માણેક; પ્રકાશક, સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુર; કીં. ૦–૬–૦

સૌરાષ્ટ્રની રસધાર: ભાગ રજો, સંપાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક ઉપર પ્રમાણે, કીંમત ૧–૪–૦.

ઉપનિષદની વાતો: લખનાર, પાંડુરંગ વિઠ્ઠલ વળામે; પ્રકાશક, ગૂજરાત સાહિત્ય મંદિર, અમદાવાદ; કીંમત ૦–૬–૦.

મેઘદૂત: 'વિહારી' કૃત; પ્રકાશક જયંતિલાલ બહેચર-લાલ પટેલ, ગોંડળ; કીંમત ૦–૪–૦.

રાષ્ટ્રીય ગીતો: લેખક–પ્રકાશક ઉપર પ્રમાણે; કીં. ૦–૦–૩

કટારી: લેખક–પ્રકાશક, વાઘજી મોતીલાલ બ્રહ્મભટ્ટ, મુ. મહેળાવ, તા. પેટલાદ; કીંમત ૧–૪–૦.

સાચો ધર્મ: લેખક–પ્રકાશક, ચુનીલાલ શિવલાલ ગાંધી, લીંબડી.



આકાશદર્શન : દૃષ્ટિ આઠમી

અશ્વિની, કૃત્તિકા, રોહિણી, પુનર્વસુ, બ્રહ્મહૃદય અને યમુના


આસોની અમાસ: તા. ૨૮મી ઑક્ટોબર, મંગળવાર. સૂર્યોદય ૬ ક. ૪૪ મી.; સૂર્યાસ્ત ૬ ક. ૩ મી.

મૃગ નક્ષત્રનું ઓળખાણ આપણે ત્રીજા અંકમાં કર્યું હતું. તે વખતે આપણે તેને સાંજે પશ્ચિમમાં આથમતું જોયું હતું. પણ હવે તો રાતના લગભગ દસ વાગે આપણે તેને પૂર્વમાં ઉગતું જોઇશું. જેઓ આ નક્ષત્રને ભુલી ગયા હોય તેઓએ એ અંક જોઇ લેવો. એમાં એ નક્ષત્ર તથા વ્યાધ અને અગસ્ત્યનાં ચિત્રો આપેલાં છે. આ સાથેના ચિત્રમાં માત્ર મૃગનું માથું ને તેના બે આગલા પગો આપ્યા છે.

મૃગથી બરાબર ઉત્તર દિશામાં (એટલે માથા તરફ) જરા છેટે, એક બહુ ચળકતો તારો માલુમ પડશે. આ તારો આટલા પ્રદેશમાં સૌથી વધારે ચળકતો છે. તેનું નામ 'બ્રહ્મહૃદય'.

મૃગ અને બ્રહ્મહૃદયને લગભગ સમાંતર, અને મૃગથી ઈશાન કોણ તરફ, ચાર તારાવાળું 'પુનર્વસુ' છે. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આ ચારમાં બે ખુબ ચળકતા, એક સાધારણ, અને એક સહેજ ઝાંખો છે. પુનર્વસુ રાતના લગભગ બાર વાગે ઉગશે.

મૃગથી તરતજ પશ્ચિમ તરફ ખુબ ચળકતો લાલ-પીળા રંગનો એક તારો નજરે પડશે. એ 'રોહિણી-યોગતારા' છે. 'રોહિણી'માં પાંચ તારા છે અને તેમનો આકાર અંગ્રેજી અક્ષર V જેવો થાય છે. આ V ને ઉપરને એક નાકે આ યોગતારા આવેલી છે.



મૃગથી રોહિણી જે દિશામાં જેટલે અંતરે છે, તે જ દિશામાં રોહિણીથી તેટલે જ અંતરે 'કૃત્તિકા' છે. કૃત્તિકાનો દેખાવ લીલી દ્રાક્ષના ઝુમખા જેવો છે. તેના તારા એટલા બારીક અને એટલા પાસેપાસે આવેલા છે કે તે એક ઝાંખા લોચા જેવી જ લાગે છે.

રોહિણીથી કૃત્તિકા જેટલે અંતરે છે તેથી લગભગ બમણે અંતરે કૃત્તિકાથી નૈઋત્ય તરફ 'અશ્વિની' છે. અશ્વિનીમાં એક ચળકતો તારો છે અને તેનાથી સહેજ છુટા બે ઝાંખા તારા છે.

જેમ વ્યાધથી બરાબર દક્ષિણે અગસ્ત્ય છે, તેમ અશ્વિનીથી બરાબર દક્ષિણે 'યમુના' છે. દક્ષિણ દિશા તરફ જેટલે નીચે અગસ્ત્ય છે, તેટલેજ નીચે યમુના છે. સ્થળસંકોચને લીધે સાથેના ચિત્રમાં યમુના બતાવી નથી; પણ તેની આસપાસ એટલો ચળકતો બીજો કોઇ તારો નથી, તેથી તે ઝટ ઓળખાઇ આવશે.

ઉપર કહ્યું તેમ રાતના લગભગ બાર વાગે પુનર્વસુ ઉગશે. પછી જેમ જેમ રાત જતી જશે તેમ તેમ સૂર્યોદય સુધીમાં મઘા, ફાલ્ગુની, હસ્ત, ચિત્રા અને સ્વાતિ ઉગશે. આ બધા તારાઓનું ઓળખાણ આપણે અગાઉ કરી ગયા છીએ.

આ પ્રદેશમાં સૌથી વધારે પ્રકાશિત તે શુક્ર. તેનું ઓળખાણ આપણે અગાઉ કર્યું હતું. તે વખતે એ સાંજના દેખાતો. હવે તે સવારના દેખાશે. તેનું સ્થાન પણ હવે ફર્યું છે. ઉત્તરાફાલ્ગુ-નીના બે તારાને જોડનારી લીટીને દક્ષિણ તરફ થોડેક લંબાવવાથી તે શુક્રમાં થઇને જશે.

હરિહર ભટ્ટ

યોકો:—મેસર્સ છગનલાલની કંપની તરફથી 'યોકો' બુકપૉલિશની એક બાટલી અમારી ખાતરી માટે અમને મોકલવામાં આવી હતી. અમે તેનો ઉપયોગ કરી જોયો છે, અને તેમાં તેની જાહેરાત પ્રમાણેના ગુણો જણાયા છે. એક બાટલી લગભગ બાર કે વધુ પુસ્તકો માટે ચાલે છે. કીંમતી પુસ્તકો ઉદર, ફુગ ને બીજી જીવાતથી બચાવવાનું આ સાધન દેશને ખરેખર ઉપયોગી છે. અને અમને વધુ આનંદ તો એ થાય છે કે 'યોકો'ની બનાવટ ખુદ ગુજરાતમાં જ થાય છે.

અથાણું

મુંબાઈની લોકલ ટ્રેનમાં એકવાર કેટલાક લૉ ક્લાસના (કાયદાના!) વિદ્યાર્થીઓ જુદા જુદા કાયદાની બારીકીઓ વીશે વાતો કરતા હતા. એવામાં પડખે બેઠેલા એક પારસી ગૃહસ્થ બોલી ઉઠયા, 'તમે બધા કાયદાના અઠંગ અભીઆસી છેઓ, તો હું કહું એનો ખુલાસો કરોની જોઉં.'

વિદ્યાર્થીઓએ પુછ્યું, 'શું?' પેલા ગૃહસ્થે કહ્યું, 'અંના કુકડો બના ખેતરમાં જઇને ઇંડાં મુકી આવીઓ, એ ઇંડાંના માલીકી કોણની? અ જો એ ઇંડાં રાખે તો તેણે ચોરી કરી ઠરે? કે બનો કુકડો અના ખેતરમાં જઈ ઇંડાં મુકી આવ્યો તેને પારકી હદમાં પેઠો કરી ગુન્હેગાર ઠેરવે?'

બધા વિદ્યાર્થીઓ વિચારમાં પડી મુંઝાવા લાગ્યા. કોઈ કાંઇ બોલે નહિ. પાંચેક મીનીટ પછી પેલા પારસી ગૃહસ્થ બોલ્યા, 'જાઓ રે મારા સાહેબ, કાયદો સીખીઆ તો એટલું બી નહિ સમજતા કે મરઘો તે કંઇ ઇંડાં મુકે ખરો?

વિદ્યાર્થીઓનું કોહું ભોપ!





દીવાળીના ફટાકડા

દાદા હોકો પીતા હતા ત્યાં નાનો બાબુ ફટાકડાની સેર લઇને આવ્યો (ચિત્ર ૧લું), અને એક કોરે બેસી ફટાકડા સેરમાંથી છુટા કરવા માંડ્યા (ચિ૦ ૨). પછી દાદાને બતાવીને કહે, 'દાદા, આ કેવો મઝાનો ફડાફડો છે?' (ચિ૦ ૩) એમ કહી હોકાની ચલમમાંના દેવતા વડે ફટાકડો સળગાવવા માંડ્યો (ચિ૦ ૪). પણ, ઓ બાપરે! આ શું? ફટાકડો ચલમમાં જ ફુટી ગયો! અને પછી જુઓ, બાબુના, દાદાના ને દાદાના હોકાના હાલ! (ચિત્ર ૫ મું)

*

એકવાર બીહામણા દેખાવનો એક પંજાબી, રેલવેમાં મુસાફરી કરતો હતો. તેણે ટીકીટ તપાસનારની મશ્કરી કરવા ધારેલું, તેથી પોતાની ટીકીટ તેણે પોતાના જોડામાં રાખી હતી. એક સ્ટેશને ગાડી ઉભી રહેતાં એના ડબ્બામાં ટીકીટ તપાસનાર આવ્યો. પંજાબીને જોતાં જ તે ગભરાયો, પણ હીંમત કરીને ટીકીટ માગી. પંજાબીએ ટીકીટ બહાર કાઢવા સારૂ જોડો કાઢવા માંડ્યો, કે તરત જ પેલો ટીકીટ તપાસનાર નાઠો. એના મનમાં કે પંજાબી જોડે મારવા ઉઠયો! એ તો ગયો તે ગયો: પાછો ટીકીટ લેવા આવ્યો જ નહિ.



માધુકરી

વિજયાશાસ્ત્રી

નાનપણનો મારી સ્મૃતિમાં રહેલો નવરાત્રિનો ઉત્સવ હજુ મને સાંભરે છે. પ્રતિપદાને દીવસે શહેરની બહાર જઈ ખેતરોમાંથી સરસમાં સરસ કાળી માટી મારા ભાઈ લઈ આવ્યા. હું પોતે નવધાન્યની યાદી લઈ તેમાંથી ઘરમાં જેટલાં મળ્યાં તેટલાં મારા નાનાને ત્યાંથી લઈ આવ્યો. મારી દાદીએ નાનકડા ધનુષ વડે રૂ પીંજી તેની ૭૬ આંગળની દીવેટ તૈયાર કરી. મારી બાએ સુતર કાંતી (રેંટીઆ ઉપર નહિ, પણ લોટા ઉપર) તે સુતરની એક હજાર નાનકડી વાટો બનાવી. બજારમાંથી નાળીએર અને પંચરત્ન હું લઈ આવ્યો. પંચરત્નમાં સોનું, મોતી, હીરો, પરવાળું અને નીલમ હતાં. આ પંચરત્નનો આકાર બહુ જ નાનો હતો. મારી ભત્રીજીએ બગીચામાંથી ફુલો અને જાતજાતનાં પાંદડાં ભેગાં કર્યા હતાં. પિતાશ્રીએ ન્હાઈને ગાયના છાણથી લીંપેલી જમીન ઉપર પેલી કાળી માટી પાથરી, એના સુન્દર ચોરસ આકાર બનાવ્યા. આ અમારૂં ખેતર. આની વચ્ચોવચ્ચ એક લોટો મુકી દીધો. આ લોટામાં પાણી ભરેલું હતું. અંદર આખી સોપારી, દક્ષિણા, પંચરત્ન વગેરે વસ્તુઓ નાખેલી હતી. ઉપર આંબાના ઝાડની એક નાની પાંચ પાંદડાંવાળી ડાળી રાખી, તેના ઉપર એક નાળીએર મુક્યું હતું. સુન્દર ઘાટવાળા લોટામાંથી બહાર નીકળતાં આંબાનાં લીલાંછમ પાંચ પાંદડાં, અને તેનાં ઉપર શિખર જેવા નાળીએરનો આકાર જોઈ હું ખુશખુશ થઇ ગયો. પૂજાની તૈયારી થઈ ત્યારે ખેતરમાં નવધાન્ય વાવવામાં આવ્યાં. તેના ઉપર પાણી છાંટવામાં આવ્યું. વચ્ચે મુકેલા ઘટની ચંદન, કેસર અને કંકુથી પૂજા કરવામાં આવી. આ ઘટ ઉપર એક પુષ્પમાળા ટીંગાડવામાં આવી. યથાવિધિ સાંગોપાંગ ષોડશોપચાર પૂજા થઇ. ૭૬ આંગળ વાટવાળો દીવો સળગાવવામાં આવ્યો. પછી આરતી થઈ, અને ઘરમાં સૌ કહેવા લાગ્યાં કે આજે અમારે ત્યાં નવરાત્રની ઘટસ્થાપના થઇ છે. પેલો નન્દાદીપ નવ દીવસ સુધી બળતો રાખવાનો હતો. વચમાં હોલવાઇ જાય તો મહા અશુભ. બીજે દીવસે પૂજામાં બે પુષ્પમાળા ટીંગાડવામાં આવી. ત્રીજે દીવસે ત્રણ. એમ માળા વધતી ગઇ. ઉપર માળાઓ વધી અને નીચે ખેતરમાંથી અંકુર ફુટી નીકળ્યા. કેટલાક અંકુર તો પોતાનાં ફોતરાંની છત્રી બનાવીને બહાર નીકળ્યા હતા. અમને રોજ મિષ્ટાન્ન મળતું; પણ પિતાશ્રી એક જ વખત જમતા, અને આખો દીવસ અબોટીઉં પહેરીને પેલો નન્દાદીપ સાચવતા. વાટ તુટે નહિ, તેલ ખુટે નહિ અને દીવો હોલવાય નહિ એની સંભાળ રાખવી પડતી. રાત્રે પણ બેચાર વાર ઉઠી તેલ પુરવું, બહુ જ સંભાળથી ઉપર બાઝેલી મેશ ખંખેરવી વગેરે કામો કરવાં પડતાં.

નવધાન્યના અંકુર પુરેપુરા ફુટી નીકળ્યા તે વખતની ખેતરની શોભા અવર્ણનીય હતી. કેટલાંક ધાન્ય વહેલાં ઉગ્યાં, કેટલાંક મોડાં. વહેલાં કોણ છે ને મોડાં કોણ છે એ હું બરાબર ધ્યાનમાં રાખતો. બધા અંકુર સાવ સફેદ હતા, કેમકે નવરાત્રનું આ ખેતર ઘરની અંદર હતું; અને અજવાળા વગર લીલો રંગ આવે નહિ. પછી પિતાશ્રી ખેતર ઉપર હળદરનું પાણી છાંટવા લાગ્યા. મેં પુછ્યું, 'હળદરનું પાણી કેમ છાંટો છો ?' એમણે કહ્યું, 'ઉગેલું અનાજ સોના જેવું દેખાય એટલા માટે.'

સાતમે દીવસે સરસ્વતીનું આવાહન થયું. ઘરમાં જેટલી ધાર્મિક અને સંસ્કૃત ચોપડીઓ હતી તે બધી એક રંગીન પાટલા ઉપર મુકી અને તેમની પૂજા કરી. અમને ભણવામાંથી રજા મળી. આને અનધ્યાય કહે છે. સરસ્વતીનું આવાહન, પૂજન અને વિસર્જન એટલું ત્રણ દીવસમાં થયું. નવમે દીવસે ખંડપૂજા થઈ. ખડ્ગપૂજા એટલે શસ્ત્રાસ્ત્રની પૂજા. હાથી ઘોડા જેવાં યુદ્ધોપયોગી પશુઓની પણ પૂજા કરવામાં આવી. આ રીતે નવરાત્ર પૂરી થઈ અને દસમે દીવસે દશેરા આવ્યા. દશેરાને દીવસે હોમ, બલિદાન અને સીમોલ્લંઘન એ મુખ્ય વિધિ હતા. તે વિદ્યારંભનો પણ દીવસ હતો.

રઘુરાજાએ વિશ્વજિત્ યજ્ઞ કર્યો. સમુદ્રવલયાંકિત પૃથ્વી જીત્યા પછી સર્વસ્વ દાન કરી દેવું એનું નામ વિશ્વજિત્ યજ્ઞ. આવો વિશ્વજિત્ યજ્ઞ રઘુરાજાએ પુરો કર્યો ત્યારપછી એની પાસે વરતન્તુ ઋષિનો શિષ્ય વિદ્વાન તેજસ્વી કૌત્સ આવી પહોંચ્યો. કૌત્સે ગુરુ પાસેથી ચૌદે વિદ્યાઓ ગ્રહણ કરી હતી. તેની દક્ષિણા તરીકે ચૌદ કોટિ સુવર્ણમુદ્રા ગુરુને આપવાની તેની ધારણા હતી. પણ સર્વસ્વનું દાન કર્યા પછી રહેલા માટીના વાસણથી જ રાજાને આદરાતિથ્ય કરતો જોઇ કૌત્સે રાજા પાસે કંઇ પણ માગવાનો વિચાર માંડી વાળ્યો. રાજાને આશીર્વાદ આપી તે જવા લાગ્યો. રઘુએ આગ્રહપૂર્વક તેને રોકી રાખ્યો, અને બીજે દીવસે સ્વર્ગ ઉપર ચડાઇ કરી ઇન્દ્ર અને કુબેર પાસેથી ધન લાવવાની ગોઠવણ કરી. રઘુરાજ ચક્રવર્તી હતો તેથી ઈન્દ્ર અને કુબેર પણ તેના ખંડીઆ રાજા હતા. બ્રાહ્મણને દાન કરવા સારૂ તેમની પાસેથી કર ઉઘરાવતાં સંકોચ શાનો ? રઘુરાજની ચડાઇની વાત સાંભળી દેવો ડરી ગયા. તેમણે એક શમીના ઝાડ ઉપર સુવર્ણમુદ્રાની વૃષ્ટિ કરી. રઘુરાજે સવારે ઉઠીને જોયું કે દેવતાઇએ એટલું સુવર્ણ આવી ગયું છે. કૌત્સને તેણે તે ઢગલો આપી દીધો. કૌત્સ ચૌદ કરોડ કરતાં વધારે લે નહિ, અને રાજા દાનમાં આપેલું બાકીનું ધન પાછું રાખે નહિ. આખરે નગરવાસી લોકો પાસે તેમણે તે ધન લુટાવ્યું. તે દિવસ આસો સુદ દશમનો હતો, તેથી જ આજ પણ લોકો દશેરાને દીવસે શમીનું પૂજન કરે છે, તેનાં પાંદડાં સોનું ગણીને લુટે છે અને એકબીજાને આપે છે. કેટલાક લોકો શમી નીચેની માટીને સુવર્ણ ગણી લઇ જાય છે.

શમીનું પૂજન બહુ જ પ્રાચીન છે. શમીના ઝાડની અંદર ઋષિઓનું તપસ્તેજ છે એમ મનાય છે. શમીના કકડા એકબીજા પર ઘસીને પ્રાચીન કાળમાં અગ્નિ પેદા કરતા હતા. શમીની સમિધો આહુતિમાં કામ આવે છે. પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં રહેવા ગયા ત્યારે તેમણે પોતાનાં હથીઆરો એક શમીના ઝાડ ઉપર સંતાડી રાખ્યાં હતાં, અને કોઈ ત્યાં જાય નહિ એટલા માટે એક હાડપિંજર ઝાડને થડે બાંધી રાખ્યું હતું.

રામચન્દ્રે રાવણ ઉપર ચડાઇ કરી તે વિજયાદશમીને મુહૂર્ત. આર્ય લોકોએ-હિન્દુ લોકોએ અનેકવાર વિજયાદશમીના મુહૂર્ત ઉપર જ ચડાઇ કરી વિજય મેળવ્યો છે. તેથી વિજયાદશમી એ રાષ્ટ્રીય વિજયનું મુહૂર્ત અથવા તહેવાર થઇ ગઇ છે. મરાઠાઓ અને રજપુતો એ જ મુહૂર્ત ઉપર સ્વરાજ્યની સીમા વધારવા શત્રુના મુલક ઉપર ચડાઈ કરતા. શસ્ત્રાસ્ત્ર સજ્જ કરી હાથીઘોડાની સવારી કાઢી, સરઘસ શહેર બહાર લઇ જવાનો રીવાજ આજે પણ છે. તેમાં શમીનું પૂજન અને અપરાજિતા દેવીનું પૂજન એ સીમોલ્લંઘનનો મુખ્ય ભાગ છે.

શમી અને અશ્મંતક વૃક્ષમાં પણ શત્રુનો નાશ કરવાનો ગુણ છે એમ મનાય છે. અશ્મંતક એટલે આપટાનું ઝાડ. શમી ન મળે ત્યારે આ ઝાડનું પૂજન થાય છે. આપટાનાં પાંદડાંનો આકાર સોનાના સીક્કા જેવો ગોળ હોય છે, અને જોડેલાં કાર્ડ (Reply Card)ની માફક બે પાંદડાં જોડેલાં હોય છે તેથી તે બહુ જ સુન્દર દેખાય છે. * * *

પણ એક ઐતિહાસિક ઘટના દશેરા સાથે જોડવાની આપણે ભુલી ગયા છીએ. તે જ આજના જમાનામાં વધારે મહત્ત્વની છે. દિગ્વિજય કરતાં ધર્મજય શ્રેષ્ઠ છે, બાહ્ય શત્રુને મારવા કરતાં હૃદયસ્થ ષડ્રિપુને મારવામાં જ પુરુષાર્થ મોટો છે, નવધાન્યની લણણી કરવા કરતાં પુણ્યની લણણી વધારે ટકે છે, એવો ઉપદેશ આખી દુનીઆને આપનાર મારજિત્, લોકજિત્ ભગવાન બુદ્ધનો જન્મ વિજયાદશમીના શુભ મુહૂર્તે જ થયો હતો. (કાલેલકરના લેખો)

અબ્રાહમ લિંકન

અબ્રાહમ લિંકન 'હાર્ડન' પ્રદેશમાં, કેન્ટકીમાં જન્મ્યો હતો. એનું ઘર તદ્દન સાધારણ હતું. તે માટી ને પાટીઆનું બનાવેલું ઝુંપડું હતું. એમનાં રાચરચીલાંમાં ત્રણ ટીપાઇઓ, એકાદ લાંબું ટેબલ અને એકાદ ઘડો તથા કીટલી વગેરે થોડાંક રાંધવાનાં વાસણો હતાં. આ જ એ કુટુંબનો વૈભવ.

અબ્રાહમ લિંકનનો પિતા જીવનસંગ્રામમાં હારેલા મનુષ્યોમાંનો એક હતો; પરંતુ એની માતા એક પ્રવીણ પ્રમદા હતી. એનો બાંધો નાજુક હતો. એ અતિશય લાગણીવાળી હોવા છતાં એના પ્રભુભયકમ્પિત વર્તનથી અબ્રાહમ ઉપર ઘણી જ સારી છાપ પડવા પામી હતી. પરંતુ લિંકનના કમનસીબે એને નવ વર્ષની કુમળી ઉમરનો મુકી તે દેવલોક પામી. લિંકન એની માતાને કદાપિ ભુલ્યો નહિ. ઘણાં વર્ષો પછી જ્યારે એ 'યુનાઇટેડ સ્ટેટ્સ' નો પ્રેસિડેન્ટ થવા પામ્યો ત્યારે પણ તે કહેતો કે, 'હાલ હું જેવો છું અને ભવિષ્યમાં જેવો થવાની આશા રાખું છું તે સર્વ મારી મહૂર્મ માતાને જ આભારી છે.'

અબ્રાહમનું બાલ્યાવસ્થાનું નામ 'એબ' હતું. પેલા માટીના ઝુંપડામાં ય એબે કેટલીક ચોપડીઓનો સંગ્રહ કર્યો હતો. એમાંની મુખ્ય 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' 'રૉબિન્સન ક્રુસો' અને 'બાઈબલ' હતી. કેટલી સુન્દર ચુંટણી! સગડીમાંથી કોલસા લઇ એ લખતાં શીખ્યો. પાટીઆના ટુકડા એ એની લેખનપાટીની ગરજ સારતા.

મોટપણે એ ઉંચો, પાતળો ને બળવાન સ્નાયુઓવાળો યુવાન બન્યો. ઉપરાંત એ વિખ્યાત કુસ્તીબાજ પણ થયો. પરશુને અતિશય ચપળતાથી એ ફેરવી જાણતો. એ એટલો તો જોરાવર હતો કે લાકડાં કાપવાની જંગવર પરશુ છ હાથના

છેડેથી પકડી હાથ સીધો રાખી શકતો. થોડાક જ આવી શક્તિ ધરાવે છે. પોતે બળ અને ઉંચાઇમાં ઘણા જણથી ચડીઆતો છે એ વાતથી લિંકન હમેશાં આનન્દતો.

એક દીવસ એણે 'ડીમોન્સ્ટ્રેઇટ' શબ્દ પહેલી જ વાર સાંભળ્યો. એનો અર્થ શો હતો તે એ જાણતો ન હતો. તેથી એણે પોતાના એક બાલમિત્રને પુછ્યું. પેલા બાલસ્નેહીએ કહ્યું કે 'મને ય પુરી ખબર નથી; પરંતુ 'યુક્લિડ' નામની ચોપડીમાં મેં એ વાંચ્યો હતો.'

આટલા માટે એણે ઘણી જગ્યાઓ જોઈ નાખી. અંતે એને યુક્લિડનું પુસ્તક મળી આવ્યું. લિંકને તો એ આખું યે મોઢે કરી પાડ્યું. ત્યાર પછી અબ્રાહમને 'ડીમોન્સ્ટ્રેઇટ' કેમ કરવું તે આવડ્યું.

લિંકનના અંતરના છેક ઉંડાણમાં પ્રભુની મરજી પ્રમાણે કરવાની જ્વલંત ઇચ્છા છુપાએલી હતી. એ નાનો બાળક હતો ત્યારે એની માતાએ આ ઈચ્છા સતેજ કરવા તનતોડ મહેનત કરી હતી. પ્રભુ પાસે છે, પ્રભુ તેને જુએ છે, પ્રભુ તેને ચાહે છે, તે ભુલો કરે છે તો યે પ્રભુ તેના ઉપર હમેશાં પ્રેમ રાખે છે—આવી અનેક વાતો અબ્રાહમને એની માતાએ શીખવી હતી. નાનપણના એ દીવસોમાં પરમેશ્વર અને પોતાની માતા આગળ અબ્રાહમે પ્રતિજ્ઞા કરી હતી કે પોતાની માતા જે પૂજ્ય પ્રભુનાં ચરણની સેવા કરે છે ને જે પરમપિતાને ચાહે છે તેને એ પણ ખરા અન્તઃકરણથી પૂજશે જ.

એબ મોટો થયો ત્યારે અમેરિકામાં દારૂની બદી દૂર કરવાની હીલચાલ એણે ઉપાડી લીધી. એણે એક વખતે કહ્યું હતું કે, 'મારી માતાની મૃત્યુશય્યા આગળ મેં પ્રતિજ્ઞા કરી છે કે હું કદાપિ દારૂ પીશ નહિ. અને અત્યારે પણ હું એ દીવસની માફક બંધાએલો છું.'

માટીના ઝુંપડાથી આગળ વધી છેક પ્રમુખનું સિંહાસન દીપાવતાં એને એક લાંબી ને વસમી વાટ વટાવવાની હતી. એક મજુરનું જીવન એણે ગાળ્યું; એ કારકુન પણ થયો; દુકાનદાર બન્યો; છેવટે એડવોકેટ, સેનેટર અને પ્રેસિડેન્ટ પણ થવા પામ્યો.

'અબ્રાહમ લિંકનના ખંડમાં એક જ ચિત્ર હતું; અને તે એના દેશનો—યુનાઇટેડ સ્ટેટ્સનો—નકશો! જ્યારે જ્યારે વિકટ પ્રસંગ આવી પડે ત્યારે ત્યારે લિંકન એની પાસે જાય, જાણે એની પ્રાર્થના કરે, એમાંથી ચેતન મેળવે, એના બળથી ખરેખર અટપટી ગુંચ ઉકેલે, એની સંમતિથી મહત્ત્વના ઠરાવો ઘડે. એ નકશો એને મન પરમ દેવતા, જીવનનું સર્વસ્વ ને સ્વધર્મનું લક્ષ્ય!'

એમ કહેવાય છે કે એક વખત જ્યારે એ મીસીસીપીને કીનારે પ્રવાસ કરતો હતો ત્યારે એણે ગુલામીના જુલ્મો નીહાળ્યા. એ જોઇ તે અવાક્ બની ગયો;—કઠોર ભાસ્યો. બીજી વખત એને ગુલામોના બજારમાં જવાની તક મળી. એ દૃશ્ય જોઇ પાસે ઉભેલા મિત્રોને એ કહેવા લાગ્યો, 'ચાલો! આપણે અહીંથી બહાર ચાલ્યા જઇએ. આને તોડી પાડવાની પ્રભુ જો મને તક આપશે તો હું એને અવશ્ય નિર્મુળ કરીશ.' અને ખરે જ તેણે એમ કર્યું જ.

પણ જ્યારે એને વિજયની વરમાળ વરવાનો વખત આવ્યો, જ્યારે ગુલામોને છુટાપણું પ્રાપ્ત થયું, ત્યારે અબ્રાહમ લિંકન, અમેરિકાનો સર્વોત્તમ પ્રેસિડેન્ટ, એક નાટકશાળામાં એક ખુનીની ગોળીનો ભોગ થઇ પરલોકવાસી થયો. છતાં યે એનો આત્મા હજી અમર છે. ('બુદ્ધિપ્રકાશ' જુલાઇ, ૧૯૨૪)

બેકી રકમનો ચોરસ

'કુમાર'ના ત્રીજા અંકમાં ૩૪નો જાદુઈ ચોરસ બતાવ્યો છે. તેની અને એવા બીજા બેકી રકમના ચોરસ બનાવવાની રીત હમણાં જ અમારા મિત્ર તરફથી મળી છે, જે અમે પ્રગટ કરીએ છીએ.

પહેલાં સોળ ખાનાંનો એક ખાલી ચોરસ દોરો. હવે ગમે તે બેકી રકમ ધારો. એ બેકી રકમને બેએ ભાગી અરધી બનાવો. આ અરધી રકમમાંથી એક એક બાદ કરતાં જે જે રકમ આવે તે તે નીચેના શ્લોકમાં દર્શાવેલાં ખાનાંમાં અનુક્રમે મુકતા જાઓ.

२ ९ १६ ७ ८
धनं ग्रहे षोडश सप्त चाऽष्टौ
१५ १० १
तिथौ दशाङ्के प्रथमे च कोष्टे

બાકી ૩, ૪, ૫, ૬, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ ખાનાં ખાલી
२ ७ ६ ३ ८ ४ ५
વધ્યાં. તેઓમાં અનુક્રમે द्वि सप्त षड् त्र्यष्ट कु वेद बाणः એ આંકડા અનુક્રમે લખો. જે ચોરસ બન્યો તેની આડી ઉભી હારોનો, બંને ખુણાનો તથા ગમે તે ચાર આંકડાના ચોરસનો સરવાળો મુળની બેકી રકમ થઈ રહેશે.

એક દાખલો લઇએ. બેકી રકમ ૧૬ ધારો.

એટલે, ૧૬÷૨=૮. પછી ૮−૧=૭; ૭−૧=૬; ૬−૧=૫; ૫−૧=૪; ૪−૧=૩; ૩−૧=૨; ૨−૧=૧; ૧−૧=૦.

હવે શ્લોકમાં જણાવ્યા મુજબ અનુક્રમે, બીજા ખાનામાં ૭, નવમા ખાનામાં ૬, સોળમા ખાનામાં ૫, સાતમા ખાનામાં ૪, આઠમા ખાનામાં ૩, પંદરમા ખાનામાં બે, દસમા ખાનામાં ૧ અને પહેલા ખાનામાં ૦ મુકો.

બાકી ખાલી રહેલાં ખાનાંઓમાં અનુક્રમે ૨,૭,૬,૩,૮,૪ અને ૫ મુકી દો.

જુઓ નીચે:

	૧	૨	૩	૪	
	૦	૭	૨	૭	
૫	૬	૩	૪	૩	૮
૯	૬	૧	૮	૧	૧૨
	૪	૫	૨	૫	
	૧૩	૧૪	૧૫	૧૬	

બહાર લખેલા આંકડા ખાનાંનો અનુક્રમ બતાવે છે. દરેક હારનાં ખાનાંને ડાબી બાજુએથી જમણી બાજુએ અનુક્રમે ગણતા જવું.

૧૬ થી ઓછી બેકી રકમ ધારશો તો તમારે એ રકમમાંથી એક એક બાદ કરતા જઇને ૦ મુકયા પછી–૧,–૨, ૩, એમ મુકવા પડશે.

લીલો મેવો

સેંટપૉલના ઘુમટનું વજન ૬૪૦૦૦ ટન છે.

એક શેર મધ એકઠું કરવા માટે મધમાખીને જુદાં જુદાં ૬૦૦૦ ફુલમાંથી મધ ચુસવું પડે છે.

દુનીઆમાં મોટામાં મોટા મધપુડા આપણા દેશની મધમાખીઓ બાંધી શકે છે. અત્યાર સુધીમાં સૌથી મોટો મધપુડો ૧૮ ફુટની ઉંચાઇનો જાણવામાં છે.

દુનીઆમાં પહેલામાં પહેલું છાપું ચીનમાં 'પેકીંગ સમાચાર'ના નામથી નીકળતું. તે ઇ. સ. ૬૧૮થી ૯૦૭ સુધી ચાલ્યું હતું.

કોઇપણ વસ્તુનો ભાર જમીન ઉપર લાગે તેના કરતાં જમીન નીચે ખાણમાં વધુ લાગે. કારણકે ગુરુત્વાકર્ષણના નિયમ મુજબ પૃથ્વી સૌને પોતાના મધ્યબિન્દુ તરફ ખેંચે છે. જેમ વસ્તુ મધ્યબિન્દુની વધારે નજીક તેમ એ ખેંચાણ વધારે જોસબધ હોય. તેથી ખાણોમાં આપણને વસ્તુનો ભાર વધારે લાગે છે.

જાપાનીઓને ગળી જનારો રાક્ષસ



આ રાક્ષસની આકૃતિમાં કેટલા જાપાનીઓ સમાયા છે તે શોધી કાઢો.

સાહરાના રણમાંથી ૩૦૦ ફુટ લાંબો અને ૧૨૦ ફુટ પહોળો ખરતા તારાનો પથ્થર મળી આવ્યો છે. તેના ૬/૧૦ ભાગમાં તો ચોખ્ખી નીકલની ધાતુ જ છે.

વીજળિક એન્જીનની ગતિ વધારેમાં વધારે એક કલાકના ૧૦૫ માઇલની નોંધાઇ છે.

'બૉમ્બે પાયોનીઅર્સ'ની એક હિન્દી ટુકડી સાઈકલ ઉપર પૃથ્વીની પ્રદક્ષિણાએ નીકળી છે. ગયા ઑક્ટોબરમાં એ ટુકડી બલુચિસ્તાન અને ઇરાનની ઠંડીમાં થઇ ભર ઉનાળામાં સીરીઆનું રણ ઓળંગી ગઈ હતી. 'કુમારસેના'ના મુખી સર બેડન પૉવેલ કહે છે કે માણસ ધારે તો પૃથ્વીની પ્રદક્ષિણા તો એ હસતાં હસતાં રમતવાતમાં કરી શકે.

ફોટોગ્રાફીની હરીફાઇનું પરિણામ

બે મહીના પહેલાં અમે વિદ્યાર્થીઓની ફોટોગ્રાફી માટે ઇનામ જાહેર કર્યું ત્યારે અમને આશા પણ નહોતી કે 'કુમાર' નું એક પાનું બની રહે એટલા ફોટોગ્રાફો વિદ્યાર્થી અથવા બીનધંધાર્થી માણસો તરફથી આવી મળશે. કુલ ત્રેવીસ ફોટોગ્રાફો આવેલા તેમાંથી હરીફાઈના ધોરણ પ્રમાણે યોગ્ય લાગ્યા તે આઠ આ વખતે અમે પ્રસિદ્ધ કરીએ છીએ. એ આઠે ય ફોટોગ્રાફોમાં જોનારને વિવિધતા લાગ્યા વિના નહિ રહે.

ભાઈ હીરાલાલ આશરના કામમાં ફોટોગ્રાફીની ઉસ્તાદી આવી ગઇ જણાય છે. તેમણે બીજા પણ એકબે સુંદર ફોટોગ્રાફો મોકલ્યા છે, તે કોઇવાર 'કુમાર'ના વાચકોની નજરે પાડીશું. ભાઈ શીવજી વેલજી કોઠારી (વર્ષ ૧૪) અને ભાઇ ચીમનલાલ સોમેશ્વર ઠાકર (વર્ષ ૧૭) એ બંને કુમારોને ફોટોગ્રાફીનો શોખ છે તે બદલ અમે અભિનંદન આપીએ છીએ; પરંતુ તેમનાં કામ હજી હરીફાઇમાં મુકવા યોગ્ય નથી તેથી બાજુ રાખ્યાં છે. કૅમેરાની માત્ર ચાંપ